RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 422 Dt. 08-09-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

# વસ્તી ઘટાડાનું મહાસંકટ!

## ભારત સહિતના મોટા દેશો માટે ચેતવણી : સંયુક્ત રાષ્ટ્રના આંકડા મુજબ વિશ્વના ૬૪ દેશોમાં ઘટતી જતી વસ્તી

નવી દિલ્હી, તા.૭

કલ્પના કરો કે એક શહેર આધુનિક સગવડો ધરાવતી હોસ્પિટલો, પહોળા રસ્તાઓ અને ગગનચુંબી ઈમારતોથી સજ્જ છે, પરંતુ તેના બગીચાઓમાંથી બાળકોનો કિલકિલાટ ગાયબ થઈ ગયો છે. શાળાઓના દરવાજા પર કાયમી તાળાં લાગી ગયા છે. હોસ્પિટલના પ્રસૂતિ વોર્ડ બિલકુલ ખાલીખમ પડ્યા છે. આ કોઈ હોલીવુડની સાયન્સ-ફિક્શન ફિલ્મનો સીન નથી, પરંતુ આપણી ધરતીની જ ચોંકાવનારી વાસ્તવિકતા છે. દાયકાઓથી આપણને એવો જ ડર બતાવવામાં આવતો હતો કે દુનિયામાં 'વસ્તી વિસ્ફોટ' થઈ રહ્યો છે અને વસ્તી વધી વધીને એટલી બધી થઈ જશે કે એક દિવસ પૃથ્વીના તમામ સંસાધનો ખૂટી પડશે. પરંતુ, સંયુક્ત રાષ્ટ્ર (UN) અને 'અવર વર્લ્ડ ઈન ડેટા'ના સત્તાવાર આંકડાઓ હવે એક તદ્દન વિપરીત ચિત્ર રજૂ કરી રહ્યા છે.




એક તરફ ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા દેશોમાં વસ્તી વધારો થઈ રહ્યો છે, ત્યારે વૈશ્વિક નકશા પર એક બહુ મોટું પરિવર્તન આવી ચૂક્યું છે. વિશ્વના ૬૪ દેશો અને પ્રદેશો હવે તેમની વસ્તીની સર્વોચ્ચ સપાટી વટાવી ચૂક્યા છે, જેનો સીધો અર્થ એ છે કે હવે આ દેશોની વસ્તી વધવાને બદલે દર વર્ષે ઘટી રહી છે. આ પણ એક ચિંતાનું કારણ છે. કઈ રીતે? ચાલો સમજીએ.આશ્ચર્યની વાત એ છે કે આ યાદીમાં માત્ર નાના કે યુદ્ધનો સામનો કરી રહેલા દેશો જ નથી, પરંતુ વિશ્વની મોટી અને શક્તિશાળી મહાસત્તાઓ પણ સામેલ છે. વિશ્વનો બીજો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ, ચીન, તેની વસ્તીની ટોચ પાર કરી ચૂક્યો છે અને હવે ત્યાં વસ્તી ઘટી રહી છે.

દક્ષિણ કોરિયાની હાલત સૌથી ગંભીર છે. ત્યાં પ્રજનન દર વિશ્વમાં સૌથી ઓછો એટલે કે માત્ર ૦.૭૨ છે. જો આ જ સ્થિતિ રહેશે તો આ સદીના અંત સુધીમાં દક્ષિણ કોરિયાની વસ્તી અડધાથી પણ ઓછી થઈ જશે. એશિયામાં જાપાન, તાઈવાન, હોંગકોંગ અને થાઈલેન્ડ પણ આ જ ઢાળ પર છે. યુરોપમાં ઇટાલી, જર્મની, સ્પેન, પોલેન્ડ, યુક્રેન, રશિયા અને ઑસ્ટ્રિયા વસ્તી ઘટાડાની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા છે.પોલેન્ડ, રોમાનિયા અને બલ્ગેરિયા જેવા પૂર્વી યુરોપિયન દેશોમાં જન્મ દર તો ઓછો છે જ, સાથે જ યુવાનો રોજગારી માટે અન્ય દેશોમાં સ્થળાંતર કરી રહ્યા હોવાથી ત્યાં વસ્તી ઝડપથી ઘટી રહી છે.કેરેબિયન અને લેટિન અમેરિકાના ક્યુબા, પ્યુઅર્ટો રિકો, જમૈકા, ઉરુગ્વે, ડોમિનિકા, માર્ટીનિક, ગ્વાડેલુપ, કુરાકાઓ, મોન્ટસેરાટ, સેન્ટ કિટ્સ અને નેવિસ, સેન્ટ માર્ટિન, સેન્ટ વિન્સેન્ટ અને ગ્રેનેડાઈન્સ, યુએસ વર્જિન આઈલેન્ડ્સ અને ફોકલેન્ડ આઈલેન્ડ્સ જેવા અનેક પ્રદેશોમાં પણ વસ્તી ઘટાડો સમસ્યા બની રહ્યો છે.

જાપાનમાં વસ્તી ઝડપથી વૃદ્ધ થઈ રહી છે. ત્યાં બાળકોના ડાયપર કરતાં વૃદ્ધો માટેના ડાયપરનું વેચાણ વધુ થાય છે. બાળકો ન હોવાને કારણે ત્યાં હજારો શાળાઓ કાયમ માટે બંધ કરી દેવામાં આવી છે.વસ્તી ઘટાડા પાછળનું મુખ્ય કારણ શું છે? ઘટાડો કોઈ મહામારી, યુદ્ધ કે કુદરતી આફતનું પરિણામ નથી, પણ માનવ સમાજની બદલાયેલી જીવનશૈલી અને વિચારસરણીનું પરિણામ છે. કોઈ પણ દેશની વસ્તીને સ્થિર રાખવા માટે પ્રજનન દર (રિપ્લેસમેન્ટ રેટ) સરેરાશ ૨.૧ હોવો જરૂરી છે. એટલે કે સરેરાશ એક સ્ત્રી દીઠ ૨.૧ બાળકો જન્મવા જોઈએ. પરંતુ આજે વિશ્વની અડધાથી વધુ વસ્તી એવા દેશોમાં રહે છે જ્યાં આ દર ૨.૧થી નીચે જતો રહ્યો છે.આ પાછળ મોંઘવારી અને શહેરીકરણનો મોટો હાથ છે. મોટા શહેરોમાં જીવનનિર્વાહ, બાળકોનો ઉછેર, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ઘર ખરીદવાનો ખર્ચ એટલો વધી ગયો છે કે યુગલોને એક કરતાં વધુ બાળક ઉછેરવાનું આર્થિક રીતે પરવડતું નથી. આ ઉપરાંત, મહિલાઓ ઉચ્ચ શિક્ષણ મેળવી રહી છે, પોતાની કારકિર્દીને પ્રાથમિકતા આપી રહી છે અને મોડેથી લગ્ન કરવા અથવા તો બાળકો ન થવા દેવાના સ્વતંત્ર નિર્ણયો લઈ રહી છે. એને લીધે પણ વસ્તીમાં ઘટાડો થઈ રહ્યો છે.

### ઈરાનની ચેતવણીથી દુનિયાના શ્વાસ અધ્ધર : તણાવ વચ્ચે ઈરાનની હેરાત

# પરમીશન વગરના જહાજોને હોર્મુઝ્માં બેન!

નવી દિલ્હી, તા.૭

ફારસની ખાડીમાં તણાવ વચ્ચે ઈરાને મોટી જાહેરાત કરી છે. સુપ્રીમ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના સચિવ મોહસિન રેઝાઈએ જણાવ્યું કે, હોર્મુઝ સ્ટ્રેટ બહાર નવો પ્રતિબંધિત વિસ્તાર જાહેર થશે. આ વિસ્તાર અમેરિકન નૌસેનાની બ્લોકેડ લાઇનથી ફારસની ખાડી સુધી વિસ્તરશે. તેમાં પ્રવેશ કરનાર જહાજોને ઈસ્લામિક રિપબ્લિકની પ્રતિબંધિત યાદીમાં મુકાશે. ઈરાને અમેરિકાના જળમાર્ગ ખુલ્લો હોવાના દાવાને 'મોટું જૂઠ' ગણાવ્યો.

ઈરાન અને અમેરિકા વચ્ચે ફારસની ખાડીમાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. આ સ્થિતિ વચ્ચે ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના સચિવ મોહસિન રેઝાઈએ રવિવારે એક મોટી જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે આગામી દિવસોમાં હોર્મુઝ સ્ટ્રેટ બહાર એક નવો પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવામાં આવશે. આ નવો વિસ્તાર અમેરિકન નૌસેનાની બ્લોકેડ લાઇનથી શરૂ થઈને ફારસની ખાડીના કેટલાક ભાગો સુધી



વિસ્તરેલો હશે. રેઝાઈના જણાવ્યા અનુસાર, આ ચોક્કસ વિસ્તારમાં પ્રવેશ કરનાર કોઈપણ જહાજને ઈસ્લામિક રિપબ્લિકની પ્રતિબંધિત યાદીમાં સામેલ કરી દેવામાં આવશે.

મોહસિન રેઝાઈએ દાવો કર્યો હતો કે હોર્મુઝ સ્ટ્રેટ હાલમાં 'સંપૂર્ણપણે બંધ' છે. તેમણે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એ દાવાને 'મોટુ જૂઠ' ગણાવ્યું હતું જેમાં જળમાર્ગ ખુલ્લો હોવાનું કહેવાયું હતું. હાલમાં હોર્મુઝ સ્ટ્રેટમાંથી દરરોજ માત્ર સાતથી આઠ જહાજો જ પસાર થઈ રહ્યા છે, જેમાંથી પાંચથી છ જહાજો તો ઈરાન માટે જરૂરી સામાન લઈને આવી રહ્યા છે. આ ઉપરાંત, અમેરિકા ક્યારેક ઓમાન પાસેથી પસાર થતા એક રસ્તેથી પાંચ-છ જહાજોને આગળ જવાની પરવાનગી આપે છે, પરંતુ આ જહાજોને પણ અવારનવાર નિશાન બનાવવામાં આવે છે.

હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોની અવરજવર માટે ઓમાન સાથે જે નકશાઓ પર સંમતિ બની છે, તેના પર આગામી દિવસોમાં હસ્તાક્ષર કરવામાં આવશે. આ પગલાથી ઈરાન અને ઓમાન વચ્ચે જહાજોના માર્ગને લઈને બનેલી વ્યવસ્થાને ટૂંક સમયમાં ઔપચારિક રૂપ મળશે. બીજી તરફ, અમેરિકન ટ્રેઝરી સચિવ સ્કોટ બેસેન્ટે દાવો કર્યો છે કે ઈરાન પાસે આશરે ૩ કરોડ બેરલ ક્રૂડ ઓઈલ બચ્યું છે જે ચીને હજુ સુધી ખરીદ્યું નથી અને અમેરિકન નાકેબંધીના કારણે તેહરાન આ ઓઈલની સપ્લાય નહીં કરી શકે. આ તણાવ વચ્ચે ઈરાનની સંસદના સ્પીકર મોહમ્મદ-બઘેર ગાલીબાફે અમેરિકાને ચેતવણી આપતા કહ્યું છે કે 'ખૂબ મોડું થઈ જાય તે પહેલાં અમેરિકા સમજી લે કે ઈરાન સાથેના સંઘર્ષના નિયમો હવે બદલાઈ ચૂક્યા છે.'

# આજે વડાપ્રધાન મોદી વડોદરામાં

## GEN-Z સાથે Y-Ramp પર થશે સીધો સંવાદ



ગાંધીનગર તા. ૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે વડોદરામાં GEN-Zને ધ્યાનમાં રાખીને રોકસ્ટાર સ્ટાઈલના કાર્યક્રમમાં સંવાદ કરશે. રાહુલ ગાંધી હાલમાં જે 'છાત્રો કી ગૂંજ' કાર્યક્રમ કરી રહ્યા છે. તેમાં રોકસ્ટાર સ્ટાઈલવાળો અંદાજ ખૂબ ચર્ચામાં રહ્યો છે. હવે વડાપ્રધાન મોદી મોટા પાયે આવો કાર્યક્રમમાં કરવા જઈ રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે આઠમી સપ્ટેમ્બરે વડોદરા પહોંચી રહ્યા છે. આ વખતે સરકારી કાર્યક્રમમાં પહેલીવાર GEN-Zને કેન્દ્રમાં રાખીને તૈયારીઓ કરવામાં આવી છે.

'બુક માય શો' પર ઓનલાઇન રજીસ્ટ્રેશન પણ સંપૂર્ણ ભરાઈ ગયું છે. ખ.જ. યુનિવર્સિટીના પેવિલિયન મેદાનમાં વડાપ્રધાનના સ્ટેજ સાથે ખાસ 'Y' આકારનો રેમ્પ બનાવાયો છે જ્યાં આસપાસ યુવાનોને બેસાડાશે.

ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધી હાલ પેપરલીક શિક્ષણ વ્યવસ્થા સામે અવાજ ઉઠાવવા 'છાત્રો કી ગૂંજ' કાર્યક્રમ કરી રહ્યા છે. કોટાથી પૂણે સુધી તેમને યુવાનો સાથે રોકસ્ટારની અંદાજમાં સ્ટેજ પર એન્ટ્રી મારી હતી જેમાં સ્ટેજ અને શર્ટ, ટી-શર્ટ પણ ચર્ચામાં રહ્યા હતા. હવે વડોદરામાં વડાપ્રધાન મોદી પણ Gen-Zને આકર્ષવા રાહુલની કોન્સર્ટ સ્ટાઈલ અપનાવશે તેવું મનાય છે.

આ કાર્યક્રમને ટેકનોલોજીની દ્રષ્ટિએ એડવાન્સ બનાવવા માટે વિશેષ આયોજન કરાયું છે. સમગ્ર કાર્યક્રમનું પ્રોડક્શન અને લાઇવ કવરેજ ૪કે કેમેરાથી થશે જેથી દર્શકોને હાઈ ક્વોલીટીવાળા વિઝ્યુઅલ અનુભવ મળે. ઈતિહાસમાં પહેલીવાર કોઈ સરકારી કાર્યક્રમમાં પ્રવેશ માટે ઓનલાઇન રજીસ્ટ્રેશનની પ્રક્રિયા અપનાવવામાં આવી છે. 'બુક માય શો' દ્વારા ૬ હજારથી વધુ લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે જ્યારે આશરે ૩૬ હજાર લોકો પ્રવેશથી વંચિત રહ્યા હોવાની વિગતો મળી રહી છે.

આ કાર્યક્રમને લઇ સુરક્ષાની તૈયારીઓ પણ પૂરી થઈ ગઈ છે. જેમાં આજે શહેરમાં પોલીસ અને સુરક્ષા એજન્સીઓએ મેગા રિહર્સલ યોજ્યું હતું. એરપોર્ટથી સભા સ્થળ સુધી થ્રી ટાયર સિક્યુરીટી બંદોબસ્ત ગોઠવાયો છે. જેમાં ૨ હજારથી વધુ જવાનો, ૧૧ DCP અને ૭ એસીપી તૈનાત રહેશે. મોદીના સભા સ્થળ પર ડ્રોનથી સતત નજર રાખવામાં આવી રહી છે.

### હોર્મુઝ અને મંદેબ બાદ વધુ એક ગ્લોબલ ટ્રાન્ઝિટ રૂટ પર સંકટ

# પનામા કેનાલના ઘટતા પાણીથી વૈશ્વિક ચિંતા

## પનામા કેનાલ ઑથોરિટીના વહીવટકર્તા મારોટાની ગંભીર પાણીની અછત અંગે ચેતવણી

નવી દિલ્હી, તા.૭

પનામા કેનાલ ઑથોરિટીના વહીવટકર્તા ઇલ્યા એસ્પિનો ડે મારોટાએ ગંભીર પાણીની અછત અંગે ચેતવણી આપી છે. વૈશ્વિક શિપિંગ રૂટ પરની આ નવી ચિંતાને કારણે પનામા કેનાલમાંથી દૈનિક પસાર થતાં જહાજોની સંખ્યા ૩૨ થી ઘટીને ૨૭ થઈ શકે છે. આબોહવા પરિવર્તનને કારણે દર ત્રણ વર્ષે આવી સ્થિતિ સર્જાય છે, જે વૈશ્વિક સપ્લાય ચેઈન અને અર્થતંત્ર પર ગંભીર અસર કરશે તેવો ગંભીર ખતરો નકારી શકાતો નથી.



સ્ટ્રેટ ઑફ હોર્મુઝ અને બાબ અલ-મંદેબમાં જહાજોની અવરજવર અગાઉથી જ પ્રભાવિત છે, ત્યારે હવે વૈશ્વિક શિપિંગ રૂટ પરથી વધુ એક ચિંતાજનક સમાચાર આવ્યા છે. પનામા કેનાલ ઑથોરિટીના નવા વહીવટકર્તા ઇલ્યા એસ્પિનો ડે મારોટાએ ચેતવણી આપી છે કે, પાણીની ગંભીર અછતને કારણે આગામી મહિનાઓમાં કેનાલમાંથી દરરોજ પસાર થતાં જહાજોની સંખ્યામાં વધુ ઘટાડો થઈ શકે છે. એસ્પિનો ડે મારોટાએ એક ઇન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, દૈનિક ટ્રાન્ઝિટમાં ઘટાડાની પૂરેપૂરી આશંકા છે. ટ્રહાલમાં દરરોજ પસાર થતાં ૩૨ જહાજોની સંખ્યા ઘટીને ૨૭ સુધી આવી શકે છે, જે ૧૯૯૭ના સૌથી સૂકા વર્ષના મોડેલિંગ પર આધારિત છે.

પહેલેથી જ યુદ્ધના કારણે દરિયાઈ માર્ગો પર દબાણ છે. પનામા કેનાલમાં પાણીની અછતના કારણે જહાજોની અવરજવર ઘટવાથી માલ-સામાનના પરિવહનનો ખર્ચ વધશે અને ડિલિવરીમાં વિલંબ થશે. આબોહવા પરિવર્તન(Climate Change)ને કારણે હવે દર ત્રણ વર્ષે આવી પરિસ્થિતિ ઊભી થઈ રહી છે.

ફ્રાન્સ દ્વારા ૧૮૮૧માં શરૂ કરાયેલો આ પ્રોજેક્ટ ટેકનિકલ મુશ્કેલીઓને કારણે અટકી ગયો હતો, જેને બાદમાં અમેરિકાએ પૂર્ણ કરીને ૧૯૧૪માં વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂક્યો હતો. ૧૯૯૯માં તેનું નિયંત્રણ પનામા દેશને સોંપાયું હતું. આ કેનાલની ખાસિયત તેની 'લોક સિસ્ટમ' છે, જે જહાજોને સમુદ્ર સપાટીથી ઉપર ઉઠાવી ગ્રાટૂન લેક(Gatun Lake) સુધી લઈ જાય છે, જેનાથી દક્ષિણ અમેરિકા ખંડનો હજારો કિલોમીટર લાંબો ચક્કર કાપવો પડતો નથી.

### કેમિકલથી લઈને બાયોલોજિકલ વોર સુધીની તૈયારી

# ભારતીય સેના માટે ૧.૧૦ લાખ કરોડની ખરીદીને મંજૂરી

## સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં DACની બેઠકમાં ૧.૧૦ લાખ કરોડના ખરીદ પ્રસ્તાવોને મંજૂરી



નવી દિલ્હી, તા.૭

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં ઉઅઈની બેઠકમાં ₹૧.૧૦ લાખ કરોડના ખરીદ પ્રસ્તાવોને મંજૂરી અપાઈ છે. આ ઐતિહાસિક નિર્ણયથી સશસ્ત્ર દળોની ક્ષમતા વધશે. ૯૮% સાધનો ભારતીય કંપનીઓ પાસેથી ખરીદાશે, જે આત્મનિર્ભર ભારતને વેગ આપશે. સેના માટે CBRN વાહનો, HMV, નૌકાદળ માટે અરુધ્રા રડાર, અને વાયુસેના માટે GBMPJ ખરીદાશે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં સોમવારે યોજાયેલી ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ(DAC)ની બેઠકમાં એક મોટો અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. સશસ્ત્ર દળોની ક્ષમતામાં અભૂતપૂર્વ વધારો કરવા માટે રૂ. ૧.૧૦ લાખ કરોડના ખરીદ પ્રસ્તાવોને 'એકસેપ્ટન્સ ઑફ નેસેસિટી'(અજ્ઞગ)ની મંજૂરી આપવામાં આવી છે. આ મંજૂર કરાયેલી કુલ ખરીદીમાંથી લગભગ ૯૮% સાધનો અને પ્રણાલીઓ ભારતીય કંપનીઓ અને ઘરેલુ સંરક્ષણ ઉદ્યોગ પાસેથી ખરીદવામાં આવશે, જેથી આત્મનિર્ભર ભારત અભિયાનને મોટો વેગ મળશે.

સેના માટે અનેક અત્યાધુનિક ઉપકરણોની ખરીદીને લીલી ઝંડી આપવામાં આવી છે.કેમિકલ, બાયોલોજિકલ, રેડિયોલોજિકલ અને ન્યૂક્લિયર (CBRN) રિકોનિસન્સ વાહનો જોખમી રાસાયણિક કે જૈવિક એજન્ટો ધરાવતા વિસ્તારોની દેખરેખ અને તપાસ કરશે. મુશ્કેલ ભૂપ્રદેશોમાં સેનાની ગતિશીલતા અને લોજિસ્ટિક્સમાં સુધારો કરશે.સેલ્ફ-પ્રોપેલ્ડ મિકેનિકલ માઇન લેયર(MML), એડવાન્સ્ડ લાઇટ હેલિકોપ્ટર(ALH), ટ્રોલ ટેન્ક અને સર્વત્ર બ્રિજ સિસ્ટમ વગેરેનો સમાવેશ થાય છે.

નૌકાદળ માટે અરુધ્રા રડારની ખરીદીને મંજૂરી મળી છે, જે જૂના એર રૂટ સર્વેલન્સ રડારનું સ્થાન લેશે. આ ઉપરાંત મરીન ગેસ ટર્બાઇન(MGT)નું સ્વદેશી ડિઝાઇન અને ઉત્પાદન કરવામાં આવશે.ફાઇટર અને ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટની લડાયક ક્ષમતા વધારવા માટે 'ગ્રાઉન્ડ-બેઝ્ડ મલ્ટી-પર્પઝ જેબર્સ'(GBMPJ)ની ખરીદી કરાશે, જે દુશ્મનના રડારને નિષ્ક્રિય કરવામાં મદદ કરશે. સ્માર્ટ આઈડેન્ટિટી કાર્ડ સિસ્ટમઃ સંરક્ષણ દળો માટે રજૂ કરાનારી 'સિક્યોર એક્સેસ કાર્ડ સિસ્ટમ' જૂના પેપર આઈડી કાર્ડનું સ્થાન RFID ટેકનોલોજી આધારિત સ્માર્ટ કાર્ડથી બદલશે તેવું મનાય છે.

# ઔદ્યોગિક-વ્યાપારિક મેળાઓ માટે કાયમી ગ્રાઉન્ડ ફાળવો

## સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળની સરકાર, સાંસદ, ધારાસભ્ય અને મેયરને રજૂઆત

રાજકોટ, તા.૭

છેલ્લા ૧૦૦ વર્ષથી રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશ લઘુ ઉદ્યોગોથી ધમધમી રહ્યો છે અને વિદેશ વેપાર ક્ષેત્રે પણ હંમેશાં અગ્રેસર રહ્યો છે. છેલ્લા ૧૫૦ વર્ષથી આ પ્રદેશના લોકો આફ્રિકા અને આરબ દેશો સાથે વ્યાપારિક સંબંધોથી જોડાયેલા છે, અને છેલ્લા ૫૫ વર્ષથી આ વ્યાપ અમેરિકા તથા યુરોપીય દેશો સુધી વિસ્તર્યો છે. લગભગ ૧ લાખથી વધુ લઘુ ઉદ્યોગો ધરાવતા આ મહત્વપૂર્ણ વિસ્તારમાં આજે પાયાની અને વિકાસને ગતિ આપતી સુવિધાઓનો મોટો અભાવ વર્તાઈ રહ્યો છે.

રાજકોટ ખાતે મંજૂર થયેલું કન્વેન્શન સેન્ટર કાર્યરત થવામાં હજુ પણ અંદાજે ૪ થી ૫ વર્ષ જેટલો લાંબો સમય લાગે તેમ છે. આવા સંજોગોમાં, ત્યાં સુધી ઉદ્યોગો અને વ્યાપારીઓ શું કરશે? તે એક મોટો યક્ષ પ્રશ્ન બનીને ઉભો રહ્યો છે.ભૂતકાળમાં રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે વેપાર અને ઔદ્યોગિક મેળાઓ યોજાતા હતા, પરંતુ આશરે ૧૦ થી ૧૨ વર્ષ પહેલાં કોર્પોરેશન દ્વારા તેના ભાડામાં અચાનક તોતિંગ વધારો કરવામાં આવતા વેપારીઓ પાસેથી આ સુવિધા છીનવાઈ ગઈ હતી.

ત્યારબાદ, કેન્દ્ર સરકારના તે સમયના MSME મંત્રી કલરાજ મિશ્રને રૂબરૂ મળીને તથા માનનીય સ્વ. વિજયભાઈ રૂપાણીના સહયોગથી આજી વસાહત સ્થિત NSIC ગ્રાઉન્ડ મેળાઓના આયોજન માટે ફાળવવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૭ થી આ ગ્રાઉન્ડમાં સફળ આયોજનો શરુ થયા હતા. પરંતુ, વર્ષ ૨૦૨૪ થી અધિકારીઓની બદલી થતા અને નવા અધિકારીઓના મનસ્વી, આપખુદ તથા ભ્રષ્ટાચારી વલણને કારણે આ સુવિધા પણ લગભગ છીનવાઈ ગઈ છે.

NSIC દ્વારા કોઈ અગમ્ય કારણોસર ભાડામાં ભારે વધારો કરવામાં આવ્યો છે, નિયમોમાં મનસ્વી ફેરફારો કરાયા છે, ટોયલેટ-બાથરૂમ અને પીવાના પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ બંધ કરી દેવામાં આવી છે અને ગ્રાઉન્ડ લેવલિંગ તથા સાફ-સફાઈ પ્રત્યે સંપૂર્ણ દુર્લક્ષ સેવવામાં આવી રહ્યું છે. લઘુ ઉદ્યોગોના ઉદ્ભવ સ્થાન સમાન સૌરાષ્ટ્ર-કચ્છ માટે આ સ્થિતિ અત્યંત દુઃખદ અને ચિંતાજનક છે.



### અન્ય શહેરોની સરખામણીએ રાજકોટ પાછળ !

રજૂઆત કરનાર સંસ્થાનું કહેવું છે કે, કોઈપણ શહેર કે પ્રદેશના આર્થિક વિકાસમાં વ્યાપારિક અને ઔદ્યોગિક મેળાઓ કરોડરજ્જુ સમાન મહત્વનો ભાગ ભજવે છે. દાખલા તરીકે અમદાવાદ-ગાંધીનગરમાં દર વર્ષે અંદાજે ૧૦૦ જેટલા વેપાર મેળાઓ યોજાય છે, જેની મુલાકાત લેવા દેશભરમાંથી ૨ થી ૫ લાખ લોકો આવે છે. સુરતમાં વર્ષે આશરે ૫૦ મેળાઓ યોજાય છે. વડોદરા, વાપી અને અંકલેશ્વર સહિતના તમામ ઔદ્યોગિક પટ્ટાઓમાં નિયમિતપણે મેળાઓ ધમધમે છે અને લાખોની સંખ્યામાં વેપારીઓ અને ઉદ્યોગપતિઓનો આવન-જાવન વધે છે જ્યારે આની સામે રાજકોટમાં આજની તારીખે માંડ વર્ષે ૨ થી ૩ મેળાઓ યોજાય છે, જેના ઉપર પણ આજે પ્રશ્નાર્થ ચિન્હ ઊભું થઈ ગયું છે.

### સરકાર રાજકોટ માટે આટલું કરે તો ભયો ભયો

સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળના પ્રમુખ પરાગ તેજૂરા સહિતના આગેવાનોનું કહેવું છે કે, રાજકોટના વ્યાપાર અને ઉદ્યોગ જગતના હિતમાં તાત્કાલિક ધોરણે સકારાત્મક નિર્ણય લેવામાં આવે તે જરૂરી હોવાનું કહેવું ઉચિત છે. જેમાં ખાસ કરીને રાજકોટમાં એક્ઝિબિશન અને મેળાઓના આયોજન માટે તાત્કાલિક ધોરણે અંદાજે ૧૦,૦૦૦ ચોરસ મીટરનો પ્લોટ ફાળવવામાં આવે, જે ખુબ જ વ્યાજબી ભાડે આયોજકોને ઉપલબ્ધ કરાવવામાં આવે, આવી ફાળવવામાં આવનાર જગ્યામાં વ્યવસ્થિત ગ્રાઉન્ડ લેવલિંગ, કમ્પાઉન્ડ વોલ, એન્ટ્રી-એક્ઝિટ ગેઈટ, આંતરરાષ્ટ્રીય કક્ષાના બાથરૂમ-વોશરૂમ અને પીવાની પાણીની પૂરતી સુવિધા હોવી અનિવાર્ય છે. દેશ-વિદેશથી વેપારીઓ આવતા હોય ત્યારે આધુનિક અને યોગ્ય વ્યવસ્થાઓ હોવી અત્યંત જરૂરી છે.તેમજ અન્ય તમામ પ્રગતિશીલ શહેરોની જેમ રાજકોટમાં પણ આ સુવિધા હોવી વ્યાજબી અને સમયની માંગ છે. અમારા સૂચન મુજબ, નાના મવા સર્કલ પાસે આવેલા પેટ્રોલ પંપની બાજુનો પ્લોટ વેપાર અને ઔદ્યોગિક મેળાઓ માટે ખૂબ જ અનુકૂળ રીતે વિકસાવી શકાય તેમ હોવાનું રજૂઆત કરનાર સંસ્થાનું ખાવું હોય સરકાર તાકીદે આ બાબતે નિરાકરણ લાવે તે જરૂરી છે.

# રાજકોટના ૪ ખેલાડીઓ ફૂટબોલમાં ચમક્યા

## ડો. બી.સી. રોય ટ્રોફી નેશનલ ફૂટબોલ ચેમ્પિયનશિપમાં રાજકોટ માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ









રાજકોટ, તા.૭

ઓલ ઈન્ડિયા ફૂટબાલ ફેડરેશન દ્વારા આયોજિત જૂનિયર બૉયઝ નેશનલ ફૂટબોલ ચેમ્પિયનશિપ (ડો. બી.સી. રોય ટ્રોફી ૨૦૨૬-૨૭ , ટાયર-II) તાજેતરમાં છત્તિસગઢના નારાયણપુર ખાતે ૨૫ ઓગસ્ટ ૨૦૨૬ થી ૫ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન યોજાઈ હતી. આ રાષ્ટ્રીય સ્તરની પ્રતિષ્ઠિત સ્પર્ધામાં ગુજરાતની ટીમે પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ગુજરાત રાજ્યની ટીમની રચના માટે ખાસ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સિલેક્શન પ્રક્રિયામાંથી કડક સ્પર્ધા વચ્ચે રાજકોટના ૫ પ્રતિભાશાળી ખેલાડીઓએ પ્રારંભિક ટોચના ૩૦ ખેલાડીઓમાં સ્થાન મેળવ્યું હતું. ત્યારબાદની આખરી પસંદગીમાં રાજકોટના ૪ ખેલાડીઓ ફાઈનલ ૨૦ની ટીમમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યા હતા અને ગુજરાતની ટીમનું સફળ પ્રતિનિધિત્વ કર્યું હતું.

ગુજરાતની ટીમ તરફથી રમીને સમગ્ર ટૂર્નામેન્ટમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર રાજકોટના ખેલાડીઓમાં રાજન રૈયાણી, અમન રૂદાતલા, પ્રશન્ન ધોળકિયા અને અનિકેત ગુપ્તાનો સમાવેશ થાય છે. રાજકોટના આ યુવા ખેલાડીઓની રાષ્ટ્રીય કક્ષાની સુંદર કામગીરી અંગે સંસ્થાના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાલાએ આનંદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ સિદ્ધિ સમગ્ર રાજકોટ ફૂટબોલ જગત માટે અત્યંત ગૌરવ લેવા જેવી બાબત છે. આ ભવ્ય સફળતા બદલ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશનના હોદ્દેદારોએ તમામ ખેલાડીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે.

### કાગજ સે એક ક્લિક તક વિષય પર વિશેષ નાટ્યપ્રસ્તુતિ પણ કરાઈ

# ખેતી બેંકનો ૭૫મો સ્થાપના દિવસ ઉજવાયો

રાજકોટ, તા.૭

ગુજરાતના સહકારી ક્ષેત્રમાં આગવું સ્થાન ધરાવતી ખેતી બેંક પોતાના ગૌરવશાળી ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે રવિવાર તા.૬ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ એક્વા વેલી, સેતુ એલાટેઝા પાસે, એપોલો સ્કૂલ રોડ, ત્રાગડ, અમદાવાદ ખાતે બેંકના ૭૫ મા સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

ઐતિહાસિક પ્રસંગે ખેતી બેંકના ચેરમેન, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, સહકારી ક્ષેત્રના અગ્રણીઓ અને વિશિષ્ટ આમંત્રિતોની ઉપસ્થિતિમાં અને બેન્કની ગુજરાતની તમામ શાખા કચેરીઓના અધિકારીઓ અને કર્મચારીઓની હાજરીમાં આ ભવ્ય ઉજવણીમાં કરવામાં આવી હતી.




ખેતી બેન્ક દ્વારા સવારથી શરૂ થયેલ આ કાર્યક્રમમાં સૌપ્રથમ ખેતી બેંકના સ્થાપક સ્વ. ઉદયભાણસિંહજીને સમર્પિત વિશેષ મહા આરતી, ખેતી બેંકની ૭૫ વર્ષની ગૌરવશાળી અને સુવર્ણ સફરને રજૂ કરતી વિશેષ પ્રસ્તુતિ, જાણીતા સ્ટેન્ડ-અપ કોમેડિયન કમલેશ દરજીની હાસ્યસભર પ્રસ્તુતિ, જાણીતા ઇલ્યુઝનિસ્ટ સપન જોશીનો રોમાંચક અને વિશેષ શો, રાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પ્રાપ્ત DID વિજેતા ડાન્સર કમલેશ પટેલની વિશેષ ડાન્સ પરફોર્મન્સ, જાણીતા મોટિવેશનલ સ્પીકર જિતેન્દ્ર અઢિયાનું મન ઉપર માર્ગદર્શન, ખેતી બેંકના કર્મચારીઓ દ્વારા ગરબા, રાજસ્થાની નૃત્ય, ગીત, ભજન, ગુજરાતી ગીત-શાયરી તેમજ વિવિધ સંગીતમય પ્રસ્તુતિઓ, અને કર્મચારીઓ દ્વારા કાગજ સે એક ક્લિક તક વિષય પર વિશેષ નાટ્યપ્રસ્તુતિ અને ડોક્યુમેન્ટરી પ્રદર્શિત કરવામાં આવી હતી.

ખેતી બેંકના બ્રાન્ડ એમ્બેસેડર નિરમા ઠાકોરનું હૈદરાબાદ ખાતે યોજાયેલી મેરેથોનમાં આશરે ૩૫,૦૦૦ પ્રતિયોગીઓ વચ્ચે ચેમ્પિયન બની નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરવા બદલ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

ખેતી બેંકના ચેરમેનએ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ કર્મચારીઓને પ્રોત્સાહિત કરી સન્માનિત કર્યા અને જણાવેલ કે ખેતી બેંકના ૭૫ વર્ષ માત્ર એક સીમાચિહ્ન નથી, પરંતુ ગુજરાતના ખેડૂતોના વિશ્વાસ, સહકાર, સેવા અને સમૃદ્ધિની ૭૫ વર્ષની ગૌરવગાથા હોવાનું મનાય છે.

# સ્વ. પ્રવીણસિંહજી જાડેજાની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે કાલે મહારક્તદાન

## શિક્ષણ-સેવા-સંગઠનના પર્યાય સમા પૂર્વ ગૃહપતિને શ્રદ્ધાંજલિ અર્પવા હરભમજીરાજ છાત્રાલય ખાતે કાલે ૯મીએ સવારે ૯થી બપોરે ૧ વાગ્યા સુધી મહારક્તદાન કેમ્પ

રાજકોટ, તા.૭

શિક્ષણ, સેવા,સંગઠનના પર્યાય એવા સ્વર્ગસ્થ પ્રવીણસિંહજી જાડેજાની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે માનવતાના કલ્યાણ અર્થે તારીખ ૯ ને બુધવારના રોજ હરભમજી રાજ ગરાસીયા બોર્ડીંગ ખાતે મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટની સુપ્રસિદ્ધ સંસ્થા શ્રી હરભમજીરાજ ગરાસીયા છાત્રાલય (બોર્ડીંગ) ના પૂર્વ ગૃહપતિ અને જમીન વિકાસ બેંકના પૂર્વ વાઈસ ચેરમેન સ્વ. પ્રવીણસિંહજી જાડેજા (સોળીયા) ની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે તા. ૯ ને બુધવારે સવારે ૯થી બપોરે ૧ વાગ્યા સુધી રક્તદાન સેવા યજ્ઞ હરભમજીરાજ ગરાસિયા



છાત્રાલય, રાજપૂતપરા-૫, રાજકોટ ખાતે યોજાશે આયોજિત રક્તદાન કેમ્પ એ સમાજ ઉપયોગી અને પ્રેરણાદાયી ભગીરથ કાર્ય છે.

પ્રવીણસિંહજી (સોળીયા) હરભમજીરાજ ગરાસિયા છાત્રાલય ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ' દ્વારા એક વિશેષ શ્રદ્ધાંજલિ અને રક્તદાન કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. ''રક્તદાન મહાદાન''ના ઉમદા સંદેશ સાથે ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળે તમામ નાગરિકોને લોહીની અછત ભોગવતા જરૂરિયાતમંદ દર્દીઓની મદદ માટે આ સ્વેચ્છિક રક્તદાન કેમ્પમાં ઉપસ્થિત રહી રક્તદાન કરવા તેમજ રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા માટે આપ સૌને આ સેવા યજ્ઞમાં જોડાવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# રાજકોટ જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ સામંતભાઈ બાંભવાનો આજે જન્મદિવસ

રાજકોટ : રાજકોટ જીલ્લા પંચાયત ના ઉપપ્રમુખ સામંતભાઈ બાંભવા નો આજે જન્મદિવસ દિવસ છે. ગોંડલના અનીડા ભાલોડી ગામના વતની અને કોળીથડ જીલ્લા પંચાયત માંથી ભાજપમાંથી ચૂંટણી જીતેલા સામંતભાઈ બાંભવા ની કારકિર્દી ની શરૂઆત સરપંચ તરીકે થી થઈ હતી. સતત ૧૦ વર્ષ સરપંચ ઉપરાંત ગોંડલ તાલુકા ભાજપના બક્ષીપંચ મોરચાના પૂર્વ પ્રમુખ, પૂર્વ તાલુકા ભાજપ મહામંત્રી તેમજ માલધારી સમાજના અગ્રણી તરીકે જવાબદારી નિભાવી છે. સતત કાર્યશીલ તેમજ મહેનતુ તેમજ બહોળો મિત્રવર્ગ ધરાવતા સામંતભાઈ બાંભવા ને તેમના મો. નં. ૯૯૭૯૬૩૫૩૯૦ પર શુભેચ્છાઓ નો વરસાદ વરસી રહ્યો છે.



# રિલાયન્સ JIO ગુજરાતની સૌથી મોટી મોબાઈલ ઓપરેટર

## સપ્ટેમ્બર ૨૦૧૬માં શૂન્યથી શરૂઆત કરીને આજે ૩૩૫.૫ લાખ ગ્રાહકો સુધી પહોંચવા સાથે, જિયો હવે ૪૬.૨% બજાર હિસ્સા અને આ સમયગાળામાં ૩૭.૯%ના સીએજીઆર સાથે ગુજરાતમાં મોખરે

રાજકોટ, તા.૭

રિલાયન્સ જિયોએ તેના વ્યાવસાયિક લોન્ચ પછીના દાયકામાં ગુજરાતમાં વાયરલેસ માર્કેટનું સંપૂર્ણ ચિત્ર બદલી નાખ્યું છે, ઓગસ્ટ ૨૦૧૬માં શૂન્ય ગ્રાહકથી શરૂ કરીને જિયોએ તેના કામકાજના પ્રથમ મહિનામાં (સપ્ટેમ્બર ૨૦૧૬) ૧૪.૬ લાખ યુઝર્સ નોંધાવ્યા હતા અને આજે જૂન ૨૦૨૬ સુધીમાં ૩૩૫.૫ લાખ ગ્રાહકો સુધી પહોંચી ગઈ છે - જે ૩૨૦.૯ લાખ ગ્રાહકોની ચોખ્ખી વૃદ્ધિ અને ૩૭.૯%નો સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર દર્શાવે છે. જૂન ૨૦૨૬ સુધીમાં જિયો આ ટેલિકોમ સર્કલમાં ૪૬.૪% હિસ્સા અને કુલ ૭૨૭.૦ લાખ વાયરલેસ કનેક્શન્સ સાથે માર્કેટ લીડર છે.

જિયોનો ગ્રાહક સમૂહ સપ્ટેમ્બર ૨૦૧૬માં ૧૪.૬ લાખથી શરૂ થયો હતો, જે ઉત્તરોત્તર વધીને જૂન ૨૦૨૬ના તેના તાજેતરમાં નોંધાયેલા આંકડા અનુસાર ૩૩૫.૫ લાખની ટોચે પહોંચ્યો છે. ગ્રાહક સંખ્યાની દ્રષ્ટિએ આ સમયગાળા દરમિયાન તેણે આશરે ૨૨.૯ ગણી વૃદ્ધિ નોંધાવી છે. જિયો ડિસેમ્બર ૨૦૨૦માં પ્રથમ વખત આ ટેલિકોમ સર્કલની સૌથી મોટી ઓપરેટર બની હતી અને ત્યારથી તેણે પોતાનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. માસિક ડેટા અનુસાર, જિયોએ ડિસેમ્બર ૨૦૨૦માં વોડાફોન આઈડિયાને અને જુલાઈ ૨૦૧૭માં એરટેલને પાછળ છોડી દીધું હતું.

એરટેલ ઓગસ્ટ ૨૦૧૬માં ૮૬.૮ લાખ ગ્રાહકો ધરાવતું હતું જે આંક વધીને જૂન ૨૦૨૬માં ૧૫૮.૪ લાખે પહોંચ્યો છે (+૭૧.૬ લાખ, ૬.૩% CAGR). વોડાફોન આઈડિયા - વોડાફોન અને આઈડિયાનો સંયુક્ત ગ્રાહક આધાર - ૩૧૬.૮ લાખથી ઘટીને ૨૦૦.૧ લાખ થઈ ગયો છે (-૧૧૬.૭ લાખ, -૪.૬% CAGR), જે એકસમયે એપ્રિલ ૨૦૧૮માં ૩૫૪.૮ લાખના ટોચના સ્થાને હતો. ઈજારાક ૩૯.૮ લાખથી ઘટીને ૩૩.૦ લાખે પહોંચ્યું (-૧.૯% CAGR) છે. ''અન્ય'' કેટેગરીની વાત કરીએ તો ટાટા, રિલાયન્સ કોમ્યુનિકેશન્સ, એરસેલ, ટેલિનોર, વીડિયોકોન અને અન્ય ઓપરેટરો સમયાંતરે બહાર થઈ ગયા છે - તેના ગ્રાહકોનો સંયુક્ત આંક ઓગસ્ટ ૨૦૧૬માં ૧૭૫.૦ લાખ હતો જે ઘટીને જુલાઈ ૨૦૧૯ની આસપાસ શૂન્ય થઈ ગયો, કારણ કે માર્કેટમાં માત્ર ચાર જ મુખ્ય કંપની જ બચી હતી.




ઓગસ્ટ ૨૦૧૬માં કોઈ આધાર ન હોવાને કારણે સપ્ટેમ્બર ૨૦૧૬ના પ્રથમ મહિનાના ડેટા આધારે ગણતરી કરવામાં આવતા જિયોનો ૩૭.૯%નો CAGR અન્ય તમામ પ્રસ્થાપિત કંપનીઓ કરતાં ઘણો આગળ રહ્યો છે. આ જ સમયગાળામાં એરટેલે ૬.૩%ના દરે વૃદ્ધિ નોંધાવી છે, જ્યારે વોડાફોન આઈડિયા -૪.૬% અને ઈજારાક -૧.૯ના દરે ઘટ્યા. વૃદ્ધિની બાબતમાં સૌથી નજીકની સ્પર્ધક કંપની એરટેલ (૬.૩%) હતી. ગુજરાતમાં કોઈ પણ સ્પર્ધક જિયોની વિસ્તરણ ઝડપની આસપાસ પણ પહોંચી શક્યું નથી, જે સ્પષ્ટ કરે છે કે જિયોનો આ ઉદય સમગ્ર માર્કેટ ઘટવાને કારણે નહીં પરંતુ નવા ગ્રાહકો ઉમેરાવાના કારણે થયો હતો જ્યાં ટેલિકોમ માર્કેટ પોતે ગત દાયકા દરમિયાન ૧૪.૭% વધ્યું છે.

ગુજરાતમાં આ દાયકામાં ત્રણ મોટા ફેરફારો જોવા મળ્યા હતા. પ્રથમ, કોન્સોલિડેશનઃ ૨૦૧૬માં આઠથી વધુ ઓપરેટરોનું ક્ષેત્ર ઘટીને ચાર થઈ ગયું, કારણ કે ''અન્ય'' કેટેગરીની ગ્રાહક સંખ્યા ૧૭૫.૦ લાખથી ઘટીને શૂન્ય થઈ ગઈ. બીજું, વોડાફોન-આઈડિયાના વિલીનીકરણથી એક મોટી કંપની અસ્તિત્વમાં આવી જેણે ત્યારથી પોતાનો હિસ્સો ગુમાવ્યો હતો, જે એપ્રિલ ૨૦૧૮માં ૩૫૪.૮ લાખની ટોચ પરથી ઘટીને ૨૦૦.૧ લાખ પર આવી ગઈ હતી. ત્રીજું, જિયોના આગમનથી કુલ વાયરલેસ ગ્રાહક સંખ્યા સપ્ટેમ્બર ૨૦૧૬માં ૬૩૩.૭ લાખથી વધીને જૂન ૨૦૨૬માં ૭૨૭.૦ લાખ થઈ (૧૪.૭%નો વધારો), જે દર્શાવે છે કે જિયોએ માત્ર જૂના ગ્રાહકો પોતાની તરફ જ નથી ખેંચ્યા પરંતુ કનેક્ટિવિટીનો વ્યાપ વધાર્યો છે.

જૂન ૨૦૨૬ મુજબ ગુજરાતમાં ક્રમાંક આ પ્રમાણે છેઃ ૧. રિલાયન્સ જિયો (૩૩૫.૫ લાખ); ૨. વોડાફોન આઈડિયા (૨૦૦.૧ લાખ); ૩. એરટેલ (૧૫૮.૪ લાખ); ૪. BSNL (૩૩.૦ લાખ). જિયો ૪૬.૨% બજાર હિસ્સા સાથે આ સર્કલમાં મોખરે છે.

### વાહનચાલકોને દરરોજ ૧.૫ કિમીના ફેરામાંથી મળશે મુક્તિ : ચાલુ માસના અંત સુધીમાં રસ્તો ખુલ્લો મુકાશે

# સદર બજારના બોક્સ કલવર્ટનું કામ ૯૫% પૂર્ણ

રાજકોટ, તા. ૭

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના મધ્યમાં આવેલા સદર બજાર વિસ્તારમાં હાથ ધરાયેલી મહત્વપૂર્ણ વિકાસલક્ષી કામગીરી હવે અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. વોર્ડ નંબર ૨ અને ૭ની સરહદ પર હરિહર ચોકથી ચૌધરી હાઈસ્કૂલ તરફ જતા માર્ગ પરના વર્ષો જૂના અને જર્જરિત આર્ક ટાઈપ ક્લવર્ટને દૂર કરી, તેના સ્થાને આધુનિક બોક્સ સ્લેબ ટાઈપ ક્લવર્ટ બનાવવાનું કામ ૯૫ ટકા જેટલું પૂર્ણ થઈ ચૂક્યું છે. આગામી દિવસોમાં ડામરકામ પૂર્ણ થતાં જ આ માર્ગ વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકી દેવામાં આવશે.

ગત સપ્ટેમ્બર મહિનાથી શરૂ થયેલા આ વિશાળ પ્રોજેક્ટ પાછળ અંદાજે રૂ. ૨.૪૯ કરોડનો ખર્ચ નિર્ધારિત કરવામાં આવ્યો હતો, જેના માટે ૧૨ મહિનાની સમયમર્યાદા નક્કી કરાઈ હતી. અગાઉ સર્વેશ્વર ચોક અને ડો. યાજ્ઞિક રોડ પર વોંકળા પર સ્લેબ ભરવાની કામગીરી ચાલુ હોવાથી સદર બજારનો આ પ્રોજેક્ટ પાછો ઠેલવાયો હતો. સર્વેશ્વર ચોકની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ તંત્ર દ્વારા આ વિસ્તારમાં ચોમાસા દરમિયાન પાણીના સુચારુ નિકાલ અને નાગરિકોની સુવિધા અર્થે હરિહર ચોક ખાતે બોક્સ કલવર્ટ અને રિટેઈનિંગ વોલ બનાવવાનું કામ ઝડપથી હાથ ધરવામાં આવ્યું હતું.

બાંધકામ દરમિયાન સુરક્ષા જાળવવા પોલીસ કમિશનરના જાહેરનામા હેઠળ કાશી વિશ્વનાથ મેઈન રોડથી હરિહર ચોક તરફનો માર્ગ વાહનો માટે બંધ કરાયો હતો. વાહનચાલકોને હેડ પોસ્ટ ઓફિસ, જ્યુબિલી ગાર્ડન ચોક, જવાહર રોડ, સદર વન-વે તેમજ ભીલવાસ ચોક થઈને ૧ થી ૧.૫ કિલોમીટરનો વધારાનો ફેરો કરવો પડતો હતો. આ ડાયવર્ઝનને કારણે સદર બજાર, હોસ્પિટલ ચોક અને ચૌધરી હાઈસ્કૂલ તરફ જતા લોકોને દૈનિક ધોરણે સમય અને ઈંધણના વ્યય સાથે પીક અવર્સમાં ભારે ટ્રાફિકની સમસ્યા વેઠવી પડી હતી.

ચોમાસા દરમિયાન વરસાદી વાતાવરણને કારણે ડામરકામ અટકેલું હતું, પરંતુ હવે વરસાદ ન હોવાથી મેયરના આદેશ અનુસાર આખરી તબક્કાનું ડામરકામ શરૂ કરી દેવાયું છે. ચાલુ મહિનાના અંત સુધીમાં આ રસ્તો પુનઃ કાર્યરત થઈ જશે. આ માર્ગ ખુલ્લો થતાં જ હરિહર ચોક, સદર બજાર, લીમડા ચોક અને પંચનાથ રોડ વચ્ચેનો વાહનવ્યવહાર પુનઃ સુચારુ બનશે, જેનાથી વેપારીઓ, સ્થાનિક રહીશો અને હજારો વાહનચાલકોને મોટી રાહત મળશે.



### પ્રોજેક્ટ પર એક નજર

૨.૪૯ કરોડના બજેટથી જૂના આર્ક ટાઈપ ક્લવર્ટને દૂર કરી નવું આધુનિક 'બોક્સ સ્લેબ ટાઈપ ક્લવર્ટ' અને રિટેઈનિંગ વોલનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જેમાં ૯૫% થી વધુ કામ પૂર્ણ થઈ ચૂક્યું છે અને આખરી તબક્કાનું ડામરકામ પ્રગતિ હેઠળ.૧૨ મહિનાની નિયત સીમા પહેલાં જ કામ પૂર્ણતાના આરે છે. સદર બજાર વિસ્તારમાં ચોમાસા દરમિયાન પાણીનો ઝડપી નિકાલ અને ટ્રાફિકનું સુચારુ સંચાલન.

### વાહનચાલકોને મોટી રાહત

દૈનિક ૧ થી ૧.૫ કિલોમીટર સુધીના વધારાના લાંબા ફેરામાંથી હજારો વાહનચાલકોને છુટકારો મળશે. સદર બજાર, હોસ્પિટલ ચોક અને ચૌધરી હાઈસ્કૂલ તરફ જતા લોકોને પીક અવર્સમાં ટ્રાફિક, સમય અને ઈંધણના વ્યયમાંથી રાહત.હરિહર ચોક, લીમડા ચોક, પંચનાથ મંદિર રોડ, ચૌધરી હાઈસ્કૂલ અને કાશી વિશ્વનાથ મેઈન રોડ વચ્ચેનો વાહનવ્યવહાર ફરી ઝડપી અને સરળ બનશે. સદર બજારના સ્થાનિક રહીશો અને વેપારીઓ માટે માર્ગ ખુલ્લો થતાં વેપાર-રોજગારની અવરજવર સરળ બનશે.

# ગુજરાતમાં ૩ સિસ્ટમ સક્રિય છતાં વરસાદની અછત

### સિસ્ટમ નબળી હોવાથી શક્યતા નહિવત : સમગ્ર સપ્ટેમ્બર મહિના દરમિયાન રાજ્યભરમાં સાર્વત્રિક રીતે માત્ર હળવોથી સામાન્ય વરસાદ કે ઝાપટાં જ નોંધાશે



રાજકોટ, તા.૭

ગુજરાતમાં ચોમાસાની આબોહવાને લઈને હવામાન વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ આગાહી સામે આવી છે. રાજ્યમાં હાલમાં એકસાથે ત્રણ-ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય થયેલી છે, તેમ છતાં પણ આગામી દિવસોમાં સાંબેલાધાર કે ભારેથી અતિભારે વરસાદ પડે તેવી કોઈ જ શક્યતાઓ દેખાતી નથી. હવામાન વિભાગના વિજ્ઞાની રામાશ્રય યાદવના જણાવ્યા અનુસાર, આ ત્રણેય સિસ્ટમ્સ પૂરતી મજબૂત ન હોવાને કારણે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં માત્ર વાદળછાયું વાતાવરણ જ જોવા મળશે. આ સંજોગોમાં સમગ્ર સપ્ટેમ્બર મહિના દરમિયાન રાજ્યભરમાં સાર્વત્રિક રીતે ધોધમાર વરસાદને બદલે માત્ર હળવોથી સામાન્ય વરસાદ અને ઝાપટાં જ નોંધાશે.

રાજ્યના પાટનગર ગાંધીનગર અને મેગાસિટી અમદાવાદમાં પણ વાતાવરણ મુખ્યત્વે વાદળછાયું રહેશે અને કેટલાક વિસ્તારોમાં માત્ર છૂટોછવાયો હળવો વરસાદ પડી શકે છે. ચોમાસાના આંકડાકીય વિશ્લેષણ અંગે વાત કરતાં હવામાન વિભાગે ઉમેર્યું હતું કે ૧ જૂનથી લઈને ૭ સપ્ટેમ્બર સુધીના ડેટા મુજબ રાજ્યમાં હજુ પણ ૪ ટકા જેટલી વરસાદી ઘટ નોંધાયેલી છે. આગામી દિવસોમાં થનારા હળવા વરસાદથી આ ઘટમાં કેટલો સુધારો થાય છે તે જોવું રહ્યું, પરંતુ હાલ પૂરતું ભારે વરસાદની રાહ જોઈ રહેલા નાગરિકો અને ખેડૂતોએ સામાન્ય વરસાદી ઝાપટાંથી જ સંતોષ માનવો પડશે.

### ૧૮ વર્ષનો કાળઝાળ સમયગાળોઃ ૩૦થી વધુના મોત અને ૧ આપઘાત

# મનપાનું જંક્શન રોડનું ડિમોલિશન ગેરકાયદેસર

### ૧૮ વર્ષની દર્દનાક લડત બાદ ઐતિહાસિક ચુકાદો : વેપારીઓએ રોડ પર દબાણ કે એન્ક્રોચમેન્ટ કર્યું હોવાનો મનપાનો દાવો અદાલતમાં સાબિત થઈ શક્યો નથી

રાજકોટ, તા. ૭

રાજકોટના ટ્રાફિકથી ધમધમતા જંક્શન મેઈન રોડ (રેલવે સ્ટેશન રોડ) પર ૩૧ જાન્યુઆરી ૨૦૦૮ના રોજ મહાનગરપાલિકા દ્વારા કોઈપણ પ્રકારની પૂર્વ નોટિસ આપ્યા વિના રાતોરાત બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. આ તોડફોડમાં ૮૨ જેટલા નાના વેપારીઓની દુકાનો અને કેબિનો જમીનદોસ્ત કરી તેમની રોજીરોટી છીનવી લેવામાં આવી હતી. દેશના વિભાજન સમયે નિરાશ્રિત થઈને આવેલા આ વેપારીઓના પરિવારોને પોતાના જ દેશમાં ફરી એકવાર નિરાશ્રિત થવાનો વારો આવતાં ભારે પીડા અને આર્થિક પાયમાલીનો સામનો કરવો પડ્યો હતો.

તંત્રની આ સરમુખત્યારશાહી અને ગેરકાયદેસર કાર્યવાહી સામે પીડિત વેપારીઓએ હિંમત હાર્યા વગર અદાલતના દ્વાર ખટખટાવ્યા હતા. એડવોકેટ ઊં.ઉ. શાહ મારફતે ૨ ફેબ્રુઆરી ૨૦૦૮ના રોજ સિવિલ સૂટ દાખલ કરીને કાનૂની લડત શરૂ કરવામાં આવી હતી. વેપારીઓનો આરોપ હતો કે કોર્પોરેશન દ્વારા કેટલાક બિલ્ડરો કે રાજકીય નેતાઓને આર્થિક લાભ પહોંચાડવાના હેતુથી જ આ ગેરકાયદેસર ડિમોલિશન કરવામાં આવ્યું હતું. આ કાનૂની જંગ ૧૮ વર્ષ જેટલો લાંબો અને અત્યંત દર્દનાક રહ્યો. આટલા વર્ષો દરમિયાન આર્થિક તંગી, રોજીરોટીની સતત ચિંતા અને માનસિક આઘાતના કારણે ૩૦થી વધુ વેપારીઓ કાળધર્મ પામ્યા હતા, જ્યારે એક નાસીપાસ થયેલા વેપારીએ આપઘાત કરી લીધો હતો. આર્થિક અસમર્થતાના કારણે ૮૨માંથી માત્ર ૩૬ વેપારીઓ જ અંત સુધી આ કેસ લડી શક્યા હતા. નોંધનીય છે કે ૨૦૦૮ના ડિમોલિશન બાદ ૧૯૯૦, ૨૦૧૨ અને ૨૦૧૩માં કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા આ વેપારીઓને વૈકલ્પિક જગ્યા આપવાના ઠરાવો પસાર કરવામાં આવ્યા હોવા છતાં તેનો કોઈ અમલ કરવામાં આવ્યો નહોતો.

ચુકાદા બાદ અદાલત પરિસરમાં મોટી સંખ્યામાં ભેગા થયેલા વેપારીઓમાં હર્ષ અને આનંદની લાગણી છવાઈ ગઈ હતી. જંક્શન રોડના વેપારી કાથડભાઈ ડાંગરે પોતાની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ''વિભાજન વખતે અમારા પૂર્વજો નિરાશ્રિત થઈને આવ્યા હતા, પરંતુ પોતાના જ દેશમાં ફરી નિરાશ્રિત થવું પડ્યું તે લાગણી ખૂબ દુઃખદ હતી. ૧૮ વર્ષે અદાલતે મનપાનું ડિમોલિશન ગેરકાયદેસર ઠેરવી અમારી તરફેણમાં નિર્ણય આપતા આજે ન્યાય મળ્યાનો સંતોષ છે. આ ચુકાદાથી મોડો પણ આખરે ન્યાય મળ્યો છે અને હવે મૃતક તેમજ હયાત તમામ અસરગ્રસ્ત વેપારીઓના પરિવારોને તેમનો હક અને યોગ્ય જગ્યા મળી શકશે.

### અદાલતનો ઐતિહાસિક ચુકાદો

આખરે ૧૮ વર્ષની લાંબી લડાઈ બાદ રાજકોટના પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ ટ.ઉ. મોડ સાહેબે તમામ દાવા અંશતઃ મંજૂર કરીને એક ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કોર્ટે છઅઈના આ ડિમોલિશનને કુદરતી ન્યાયના સિદ્ધાંત વિરુદ્ધ અને સંપૂર્ણપણે ગેરકાયદેસર ઠેરવ્યું છે. વેપારીઓએ રોડ પર દબાણ કે એન્ક્રોચમેન્ટ કર્યું હોવાનો મનપાનો દાવો અદાલતમાં સાબિત થઈ શક્યો નથી. અદાલતે તમામ અસરગ્રસ્ત વેપારીઓને 'લીગલ ભાડૂઆત' માનીને તેમને યોગ્ય વૈકલ્પિક જગ્યા ફાળવવાનો મનપાને સ્પષ્ટ હુકમ કર્યો છે.

# રા.લો સંઘની ૫ બેઠક પર ચૂંટણી

### ૧૦ બેઠકો બિનહરીફ : ૫ બેઠકો પર ૧૦ ઉમેદવારો વચ્ચે જંગ

રાજકોટ, તા. ૭

લોધિકા ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં ૧૦ બેઠકો બિનહરીફ આંકડે અંકે કર્યા બાદ, હવે બાકી બચેલી ૫ બેઠકો પર રાજકીય પારો ચરમસીમાએ પહોંચ્યો છે. આવતીકાલે યોજાનાર મતદાન માટે ભાજપે વ્હિપ જાહેર કરીને પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. પક્ષ દ્વારા કુવાડવા જૂથ બેઠક પરથી અરવિંદ રૈયાણી, માધાપર જૂથ બેઠક પરથી પૃથ્વીસિંહ જાડેજા (ઘોઘુભા), ખોખડદડ જૂથ બેઠક પરથી બાબુ નસીત, ત્રંબા જૂથ બેઠક પરથી નિતીન રૈયાણી અને હલેન્ડા જૂથ બેઠક પરથી મહેશ આસોદરિયાના નામો પર પસંદગીનો કળશ ઢોળવામાં આવ્યો છે.

નિર્ધારિત ચૂંટણી કાર્યક્રમ મુજબ, ૮ સપ્ટેમ્બરે સવારે ૯:૦૦ થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી નિર્ધારિત મથકો પર ચુસ્ત વાતાવરણમાં મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં



આવશે. ત્યારબાદ ૯ સપ્ટેમ્બરના રોજ સવારે ૯:૦૦ વાગ્યાથી મતગણતરી શરૂ કરી આખરી પરિણામો જાહેર કરાશે. ૫ બેઠકો માટે કુલ ૧૦ ઉમેદવારો વચ્ચે સીધો જંગ ખેલાઈ રહ્યો છે. ભાજપના વ્હિપ બાદ હવે બંને પક્ષો માટે એક-એક વોટ મેળવવો નિર્ણાયક બની ગયો છે, જેને કારણે આખરી ઘડી સુધી ઉમેદવારો અને સમર્થકો વચ્ચે ભારે ઉત્તેજના જોવા મળી રહી છે.

### લોકમેળામાં મહાનગરપાલિકાના ફૂડ વિભાગના દરોડા

# ૪૧૭ કિલો અખાદ્ય ખોરાકનો નાશ : ૧૫ હજારનો દંડ

રાજકોટ, તા. ૭

રાજકોટના રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે શ્રાવણ માસના તહેવારો નિમિત્તે આયોજિત 'વિકાસથી વિરસાત લોકમેળા-૨૦૨૬'માં પ્રજાજનોના સ્વાસ્થ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખાના ફૂડ વિભાગ દ્વારા વ્યાપક ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આરોગ્ય અધિકારી ડો. જયેશ વકાણી અને ડેઝીગ્નેટેડ ઓફિસર ડો. હાર્દિક મેતાના સીધા માર્ગદર્શન હેઠળ ફૂડ સેફ્ટી ઓફિસરશ્રીઓની અલગ-અલગ ટીમ બનાવીને તારીખ ૦૨ સપ્ટેમ્બર ૨૦૨૬ થી ૦૬ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન મેળામાં ખાદ્યચીજોનું વેચાણ કરતા તમામ નાના-મોટા વિક્રેતાઓ તથા ફેરિયાઓનું કડક સર્વેલન્સ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન 'ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ' વાનના સ્ટાફ દ્વારા સ્થળ પર જ ખાદ્યપદાર્થોની ચકાસણી સાથે વેપારીઓમાં જાગૃતિ લાવવાના પ્રયાસો પણ કરવામાં આવ્યા હતા. આ તકે નિયમોનું પાલન કરાવતા કુલ ૫૪ વેપારીઓને ટેમ્પરરી લાયસન્સ ફાળવવામાં આવ્યા હતા.

તપાસ દરમિયાન ફૂડ વિભાગની ટીમે સ્ટોલ ધારકો અને ફેરિયાઓ દ્વારા વેચાતી પેક્ડ, લૂઝ તેમજ તૈયાર ખાદ્યચીજોની ગુણવત્તા, સ્ટોરેજ અને સ્વચ્છતાની પરિસ્થિતિની બારીકાઈથી ચકાસણી કરી હતી. વેપારીઓને સ્થળ પર જ હાઈજેનિક કન્ડિશન જાળવવા, તાજા અને ગુણવત્તાયુક્ત શાકભાજીનો જ ઉપયોગ કરવા તેમજ પેકિંગવાળી વસ્તુઓ પર ઉત્પાદન અને એક્સપાયરી તારીખ ચકાસીને જ વેચાણ કરવાની સખત સૂચનાઓ આપવામાં આવી હતી.

આ સઘન ચેકિંગ દરમિયાન અનેક સ્ટોલ પરથી બિનઆરોગ્યપ્રદ અને અખાદ્ય સામગ્રી મળી આવી હતી. જેમાં વાસી બાફેલા તથા સડેલા બટેટા, દાઝીયેલું તેલ, ખુલ્લા અને કાપેલા ફળ-શાકભાજી, ફરાળી વાનગીના નામે ઉપયોગમાં લેવાતો મકાઈનો સ્ટાર્ચ, ચીપ્સ અને ટ્વિસ્ટર માટેનું અયોગ્ય બેટર, પડતર મરચું પાવડર, વાસી ઘૂઘરાની મીઠી ચટણી, વાસી ઘૂઘરા, બ્રેડ પકોડા, પાણીપુરીનું અશુદ્ધ પાણી અને વાસી મીઠો પાન-મસાલો જેવા જનસ્વાસ્થ્ય માટે હાનિકારક પદાર્થો ઝડપાયા હતા. ફૂડ વિભાગે સ્થળ પર જ અંદાજે ૪૧૭ કિલોગ્રામ જેટલો વાસી અને અખાદ્ય જથ્થો જપ્ત કરી તેનો તાત્કાલિક નાશ કર્યો હતો. આ સાથે જ આરોગ્યના નિયમોનું ઉલ્લંઘન કરનારા વેપારીઓ પાસેથી કુલ રૂ. ૧૫,૭૫૦ નો વહીવટી ચાર્જ પણ વસૂલ કરવામાં આવ્યો હતો.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# બીક નથી

## કાયદાના ડર વગર નકલી દારૂની અસલી ફેક્ટરીનો વટથી ધમધમાટ



ગુજરાતમાં દારૂબંધીના કડક કાયદા હોવાના દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. મોરબી પંથકમાં નકલી દારૂ બનાવવાની ફેક્ટરી ઝડપાતાં ચકચાર મચી ગઈ છે. આરોપીઓ દ્વારા ૧૪૦૦ જેટલી બોટલો બનાવીને બજારમાં વહેતી કરવામાં આવે તે પહેલાં જ પોલીસે દરોડો પાડીને સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. પરંતુ, આ સમગ્ર ઘટનાએ રાજ્યના કાયદા અને વ્યવસ્થાની સ્થિતિ સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે ભાવનગરમાં થયેલા ભયાનક લઠ્ઠાકાંડ બાદ સમગ્ર રાજ્યમાં હાહાકાર મચી ગયો હતો. તે સમયે તંત્ર દ્વારા બુટલેગરો સામે કડક પગલાં લેવાના અને નશાબંધીનો કડક અમલ કરાવવાના મોટા દાવા કરવામાં આવ્યા હતા. આમ છતાં, તંત્રની આવી કડકાઈની ગુનાખોરો પર જરા પણ અસર દેખાતી નથી. રાજ્યમાં આજે પણ ગેરકાયદેસર રીતે દેશી અને વિદેશી દારૂની ચોમેર રમઝટ બોલી રહી છે.

ભાવનગરમાં થયેલો લઠ્ઠાકાંડ નકલી દારૂના કારણે જ થયો હતો. બુટલેગરો વધુ નફો કમાવાની લાલચમાં બ્રાન્ડેડ દારૂની નકલ કરે છે. દારૂને વધુ સ્ટ્રોંગ બનાવવાની લહાયમાં વિવિધ રસાયણો ઉમેરવામાં આવે છે, જેના કારણે આ દારૂ અત્યંત ઝેરી બની જાય છે. આટલો મોટો કાંડ સર્જાયા પછી પણ ગુનાખોરોમાં કાયદાનો કોઈ જ ડર રહ્યો નથી. મોરબીમાં પણ આ જ પ્રકારે કોઈ પણની બીક વગર નકલી દારૂ બનાવવાની ફેક્ટરી ધમધમી રહી હતી. ચોંકાવનારી વાત તો એ છે કે પોલીસે રેડ પાડીને આરોપીઓને ઝડપી લીધા પછી પણ પકડાયેલા તત્વોના ચહેરા પર ગભરાટ કે ભયનો એક પણ ભાવ નહોતો. આ દ્રશ્ય સ્પષ્ટપણે દર્શાવે છે કે અસામાજિક તત્વોમાં પોલીસ અને શાસનનો ડર સાવ નષ્ટ થઈ ચૂક્યો છે.

સ્થાનિકોમાં ચર્ચા છે કે સરકારે દારૂ અંગેના કાયદાઓ ઢીલા કરી નાખ્યા છે. જે કાયદા અસ્તિત્વમાં છે, તેનો પણ પૂરતો અને કડક અમલ થતો નથી. તંત્રમાં ચાલતા સેટિંગના કારણે નશાનો કારોબાર કરનારાઓ બેફામ બન્યા છે. ગુજરાતમાં નશાની આ કાળી દુનિયાને હવે કોઈનો ડર રહ્યો નથી. રાજકીય દ્રષ્ટિએ વિપક્ષ માટે આ મુદ્દો જનતા વચ્ચે જઈને મતના ઢગલા કરી શકે તેવો સંવેદનશીલ છે. પરંતુ ખેદની વાત એ છે કે ગુજરાતમાં શાસક પક્ષની જેમ વિપક્ષને પણ બરાબરનો નશો ચઢી ગયો છે, તેથી ચુપ રહે છે. જો તંત્ર સમયસર નહીં જાગે, તો આવા નકલી દારૂના કારખાનાઓ હજુ પણ અનેક નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂકતા રહેશે. એક અભ્યાસ પ્રમાણે ગુજરાતમાં ૨૦ ટકા જેટલાં લોકો દારુ જેવા નશાના આદી છે. આ કારણે ૮૦ ટકા લોકો અકારણ પરેશાન થાય છે. આ લોકો સરકાર પર દબાણ લાવે તો તમામ સેટિંગ પડતા મૂકીને સરકારે નશા સામે નક્કર નીતિ ઘડવી પડે.

# ૨૭૧ નદીઓમાં ૨૯૬ પ્રદૂષણના કેન્દ્રો

## શું બિટ્ટુ કેટાસ્ટ્રોફ મોડેલ તેમને સાફ કરી શકશે?



નવીદિલ્હી, તા.૭

મધ્યપ્રદેશના બિયાઓરાના રહેવાસી ૨૧ વર્ષીય સુરેન્દ્ર સિંહ ચૌધરી હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. તમે તેમને સોશિયલ મીડિયા પર બિટ્ટુ તબાહી તરીકે ઓળખતા હશો. તેમણે પોતાનું ઉપનામ તાબાહી રાખ્યું હશે, પરંતુ સત્ય એ છે કે સુરેન્દ્ર નદીઓને વિનાશથી બચાવી રહ્યા છે. બીએસઈના બીજા વર્ષના વિદ્યાર્થી બિટ્ટુએ અજનાર નદીની ગંદી સ્થિતિ જોઈ અને આ વર્ષે ૨૬ જાન્યુઆરીએ તેને સાફ કરવાનું કામ હાથમાં લીધું. મહિનાઓ સુધી તેમણે નદીમાંથી પ્લાસ્ટિક, બોટલો, પાણીનો હાયસિન્થ અને તમામ પ્રકારના કચરાને દૂર કર્યો. તેમના પ્રયાસો વાયરલ થયા, જેના કારણે ઉદ્યોગપતિ આનંદ મહિન્દ્રા સહિત ઘણા લોકોનું ધ્યાન ખેંચાયું અને હવે તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મેળવી રહ્યા છે. બિટ્ટુની વાર્તા ખાસ છે કારણ કે તે કોઈ મોટા પ્રોજેક્ટ, ભારે મશીનરી કે સરકારી અભિયાન નહીં પણ એક વ્યક્તિના સતત કાર્યને દર્શાવે છે. પરંતુ પ્રશ્ન એ રહે છેઃ જ્યારે સફાઈ થઈ રહી છે, ત્યારે આપણે કેવી રીતે ખાતરી આપી શકીએ કે નદીઓમાં વધુ કચરો ન પહોંચે?

સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ૨૦૨૫ના અહેવાલ મુજબ, ૬૨૩ નદીઓના મૂલ્યાંકનમાં ૨૭૧ નદીઓ પર ૨૯૬ પ્રદૂષિત પટ્ટાઓ જોવા મળ્યા. રાહતની વાત એ છે કે ૨૦૧૮માં પ્રદૂષિત નદીના પટ્ટાઓની સંખ્યા ૩૫૧ હતી, જે ઘટાડો દર્શાવે છે. જ્યારે અગાઉના ઘણા પ્રદૂષિત પટ્ટાઓમાં સુધારો થયો છે, ડેટા દર્શાવે છે કે સમસ્યા હજુ પણ સમાપ્ત થઈ નથી. સૌથી વધુ પ્રદૂષિત નદીના પટ્ટાઓમાં મહારાષ્ટ્રમાં ૫૪, કેરળમાં ૩૨, મધ્યપ્રદેશમાં ૧૮, મણિપુરમાં ૧૮ અને ઉત્તરપ્રદેશમાં ૧૬નો સમાવેશ થાય છે. નદીઓની વાર્તા ફક્ત ગંગા અને યમુના સુધી મર્યાદિત નથી. શહેરી ગટર, ઔદ્યોગિક સ્રાવ અને અન્ય પ્રદૂષણ સ્ત્રોતો દેશના વિવિધ ભાગોમાં નદીઓ પર દબાણ લાવી રહ્યા છે.

તાજેતરના જળ-ગુણવત્તા અહેવાલોમાં કેટલાક સ્થળોએ નદીના પાણીમાં કાર્બનિક પ્રદૂષકોનું સ્તર ખૂબ ઊંચું હોવાનું બહાર આવ્યું છે. યમુનાના આગ્રા અને ઇટાવાના પટ્ટાઓમાં ઇઘઉ (બાયોકેમિકલ ઓક્સિજન ડિમાન્ડ) નું ખૂબ ઊંચું સ્તર નોંધાયું છે. નોઈડા નજીક હિંડનમાં પણ ઇઘઉ ઊંચું નોંધાયું છે. ઇઘઉ જેટલું ઊંચું હશે, પાણીમાં કાર્બનિક પ્રદૂષણનું દબાણ એટલું જ વધારે હશે. હવે, નદીઓ માટે નવો ખતરો ફક્ત પ્લાસ્ટિક અને ગટર નથી. ઓગસ્ટ ૨૦૨૬માં પ્રકાશિત થયેલા પર્યાવરણીય રસાયણશાસ્ત્ર અને ઇકોટોક્સિકોલોજી અભ્યાસમાં સાત મુખ્ય નદીઓનું પરીક્ષણ કર્યા પછી તેલંગાણાની મુસી નદીમાં સૌથી વધુ ફાર્માસ્યુટિકલ પ્રદૂષણ હોવાનું જાણવા મળ્યું છે. આનો અર્થ એ છે કે શહેરોમાંથી ફાર્માસ્યુટિકલ્સ અને અન્ય રસાયણો પણ નદીમાં પહોંચી રહ્યા છે.

સરકારના જણાવ્યા અનુસાર, નમામી ગંગે હેઠળ આશરે ₹૩૫,૬૯૮ કરોડના ખર્ચે ૨૧૮ ગટર માળખાકીય પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે. તેમાંથી ૧૩૮ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યા છે. છતાં, ૨૧ જુલાઈ, ૨૦૨૬ ના રોજ નોઈડા કાર્યકર્તા અમિત ગુપ્તા દ્વારા દાખલ કરાયેલ ઓગસ્ટ ૨૦૨૬ ના છઝઈ ડેટા પડકારો દર્શાવે છે. ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળ, જે ગંગા નદી સાથે જોડાયેલા છે, આશરે ૧૧,૭૮૫.૫ ખકઉ (મિલિયન લિટર દૈનિક ગટર) ઉત્પન્ન કરે છે, જ્યારે આ રાજ્યોની સંયુક્ત શુદ્ધિકરણ ક્ષમતા આશરે ૮,૦૨૬.૭ ખકઉ છે. આનો અર્થ એ છે કે ગટર અને શુદ્ધિકરણ ક્ષમતા વચ્ચે આશરે ૩૨% નું અંતર છે. આ ગાબડાને કારણે, નદીને સાફ કરવાના પ્રયાસો નબળા પડી શકે છે.

# હિન્દુત્વના દ્રષ્ટિકોણથી, 'કર્મભૂમિ' એ જેના પ્રત્યે તમે વફાદાર છો

## મોહન ભાગવતે લંડનમાં કહ્યું, આપણે અલગ થવાની જરૂર નથીઃ સાથે ચાલી શકીએ છીએ



નવીદિલ્હી, તા. ૭

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના વડા મોહન ભાગવતે રવિવારે લંડનમાં એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, હિન્દુત્વના દૃષ્ટિકોણથી, ''કર્મભૂમિ'' (કાર્યનું સ્થળ) એ સ્થાન છે જ્યાં વ્યક્તિ નિષ્ઠા રાખે છે, અને બ્રિટિશ હિન્દુઓ માટે, તે સ્થાન યુનાઇટેડ કિંગડમ (યુકે) છે. લંડનમાં ''એકતાની ઉજવણી'' નામના એક મુખ્ય કાર્યક્રમમાં, જેમાં મોટી સંખ્યામાં સમુદાયના નેતાઓ, વિદ્યાર્થીઓ અને હિન્દુ સ્વયંસેવક સંઘ યુકેના સ્વયંસેવકો હાજર રહ્યા હતા, ભાગવતે ઘણા પૂર્વ-સબમિટ કરેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

બ્રિટનમાં તેમના ત્રણ દેશોના પ્રવાસના અંતિમ તબક્કામાં, મુખ્ય જાહેર કાર્યક્રમમાં, તેમને હિન્દુત્વને વ્યાખ્યાયિત કરવા અને આ શબ્દને લગતી ગેરસમજો દૂર કરવા વિશે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. જન્મભૂમિ અને કાર્યભૂમિ વચ્ચે નિષ્ઠામાં વિભાજન થવાના હિન્દુ સમુદાયના ડર વિશેના પ્રશ્નના જવાબમાં, ભાગવતે કહ્યું, ''વાસ્તવમાં, કોઈ સંઘર્ષ નથી. જો બ્રિટિશ હિન્દુઓ સારા, અડગ અને સાચા હિન્દુ હોય, તો ભારત અને બ્રિટનના હિતો વચ્ચે ક્યારેય કોઈ સંઘર્ષ થશે નહીં.''

કોઈ સંઘર્ષ નથી. જો આવી પરિસ્થિતિ ક્યારેય ઊભી થાય, તો એ સ્પષ્ટ છે કે બ્રિટનમાં રહેતા હિન્દુઓ બ્રિટનને ટેકો આપશે. જ્યારે કેટલાક અપવાદો હોઈ શકે છે, હિન્દુત્વ આ બાબતે સંપૂર્ણપણે સ્પષ્ટ છે. તમારી કર્મભૂમિ એ સ્થાન છે જ્યાં તમે તમારી નિષ્ઠા ધરાવો છો. તમારી જન્મભૂમિ (વતન), જ્યાં તમે જન્મ્યા હતા, તમારી પવિત્ર ભૂમિ, તમને તમારા સંસ્કાર (સંસ્કૃતિ) આપે છે, અને તમારી કર્મભૂમિમાં, તમારે તે સંસ્કાર (સંસ્કૃતિ) દ્વારા જીવવું જોઈએ અને તમે જ્યાં રહો છો તે ભૂમિની સેવા કરવી જોઈએ. પોતાના કાર્યસ્થળ પ્રત્યે વફાદારીની હિમાયત કરતા ભાગવતે કહ્યું, ''તમારે તમારા કાર્યસ્થળ પ્રત્યે વફાદાર રહેવું જોઈએ. હિન્દુત્વ ક્યારેય તમારા કાર્યસ્થળ સાથે દગો કરવાનું કહેતું નથી. જો બ્રિટનમાં રહેતા હિન્દુઓ આવા હિન્દુ હોય, તો તેમની અને ભારતમાં હિન્દુઓ વચ્ચે કોઈ સંઘર્ષ નહીં થાય. જો આવી પરિસ્થિતિ ઊભી થાય, તો પણ એ સ્પષ્ટ છે કે બ્રિટનમાં હિન્દુઓ બ્રિટનને ટેકો આપશે.''

ભાગવતે એમ પણ કહ્યું કે હિન્દુ શબ્દ ફક્ત ધાર્મિક રિવાજો અથવા જીવનશૈલી દ્વારા વ્યાખ્યાયિત કરી શકાતો નથી. તેમણે કહ્યું કે હિન્દુઓ વિશ્વનો સંતુલિત દૃષ્ટિકોણ આપી શકે છે. હિન્દુઓ પાસે દરેક વસ્તુની એક સાથે પ્રગતિ માટે ઉકેલો છે. ઐતિહાસિક રીતે, હિન્દુઓએ વિશ્વને ઘણા ઉકેલો પૂરા પાડ્યા છે. હવે આધુનિક સમાજ માટે આધુનિક પદ્ધતિઓ સાથે પ્રતિક્રિયા આપવાનો સમય છે. તેમણે કહ્યું, ''અમે સાચા છીએ, તમે સાચા છો,'' આ હિન્દુ વિચારધારા છે. ભાગવતે છજ્જ ને સેવા પર આધારિત સંગઠન તરીકે વર્ણવ્યું અને વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભવિષ્યની પેઢીઓ આ સિદ્ધાંત દ્વારા વધુ સારી દુનિયાના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમણે કહ્યું, આપણે વિભાજિત રહેવાની જરૂર નથી. આપણે સાથે ચાલી શકીએ છીએ. આપણે સાથે કામ કરી શકીએ છીએ. આપણે સાથે રહી શકીએ છીએ, અને આપણે સાથે કામ કરવું જોઈએ.

## ડ્રોન અને મિસાઈલો હવામાં જ નાશ પામશે, ભારતે SHIELD ટેકનોલોજી માટે મોટી તૈયારીઓ શરૂ કરી

# DRDOની નવી સંરક્ષણ પ્રણાલી

નવીદિલ્હી, તા. ૭

ભારત તેની સંરક્ષણ ક્ષમતાઓમાં સતત વધારો કરી રહ્યું છે. આ દરમિયાન, દેશ સંરક્ષણ ક્ષેત્રમાં વધુ એક મોટી છલાંગ લગાવવાની તૈયારી કરી રહ્યો છે. સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (ઉછઉઘ) એ ''શિલ્ડ'' કાર્યક્રમ હેઠળ અત્યંત અદ્યતન અને શક્તિશાળી સિસ્ટમ માટે દરખાસ્ત માટે વિનંતી (છખ્ઙ) જારી કરી છે. તેનો હેતુ દુશ્મન ડ્રોન, રડાર અને ઇલેક્ટ્રોનિક શસ્ત્રોને તાત્કાલિક નિષ્ક્રિય કરવાનો છે. આ ભારતના નિર્દેશિત-ઊર્જા શસ્ત્રો, ડ્રોન વિરોધી ટેકનોલોજી અને ઇલેક્ટ્રોનિક યુદ્ધ ક્ષમતાઓને વધારવા તરફ એક મુખ્ય વ્યૂહાત્મક પગલું રજૂ કરે છે. જ-ઇફક્ષમ હાઇ પાવર માઇક્રોવેવ સિસ્ટમઃ આ પ્રોજેક્ટ એક એવી સિસ્ટમ વિકસાવી રહ્યું છે જે ત્ર્ફ્ફગ સોલિડ-સ્ટેટ એમ્પ્લીફાયરનો ઉપયોગ કરીને કાર્ય કરશે. તે નિર્દેશિત ઉર્જા હુમલાઓ દ્વારા ઇલેક્ટ્રોનિક સાધનોની નબળાઈઓ અને સુરક્ષાનું પરીક્ષણ કરશે.

આ સિસ્ટમ પલ્સ મોડમાં ઓછામાં ઓછા ૩ સટ/ળ (કિલોવોલ્ટ પ્રતિ મીટર) ની ટોચની ઇલેક્ટ્રિક ક્ષેત્ર શક્તિ ઉત્પન્ન કરવામાં સક્ષમ હશે. આ ટેકનોલોજી વિદ્યુત ઊર્જાના મજબૂત ચુંબકીય તરંગો ઉત્સર્જન કરીને હવામાં અદ્યતન દુશ્મન ડ્રોન, સેન્સર અને સંદેશાવ્યવહાર સાધનોને જામ અથવા નાશ કરી શકે છે. દુશ્મનના શસ્ત્રો પર હુમલોઃ આ રડાર, સંદેશાવ્યવહાર પ્રણાલીઓ, સેન્સર્સ અને ડ્રોન પર થતી અસરનું મૂલ્યાંકન કરશે, કાઉન્ટર-ડ્રોન ટેકનોલોજી અને ઇલેક્ટ્રોનિક યુદ્ધ ક્ષમતાઓને વધુ મજબૂત બનાવશે.

આ નવી પહેલ ઉછઉઘ ના અગાઉના હાઇ-પાવર માઇક્રોવેવ પ્રોટોટાઇપ્સ પર આધારિત છે, જેણે પહેલાથી જ ૧ કિલોમીટરના અંતરેથી ડ્રોનના ટોળાને નિષ્ક્રિય કરવાની ક્ષમતા દર્શાવી છે. આ ટેકનોલોજીની રેન્જ અને અસરકારકતાને વધુ વધારવા માટે હવે કામ ચાલી રહ્યું છે. આ પહેલનો પ્રાથમિક ઉદ્દેશ્ય ભારતને સંરક્ષણ બાબતોમાં આત્મનિર્ભર બનાવવાનો અને બિન-ગતિશીલ (દારૂગોળા વિના ઊર્જા આધારિત શસ્ત્રો) શસ્ત્રોના સ્વદેશી વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. આ કાર્યક્રમ ભારતના આત્મનિર્ભર ભારત મિશનને મજબૂત બનાવશે અને વિદેશી




સંરક્ષણ પ્રણાલીઓ પર દેશની નિર્ભરતામાં નોંધપાત્ર ઘટાડો કરશે. ઉછઉઘ નો 'શિલ્ડ' કાર્યક્રમ દુશ્મનના ડ્રોન, રડાર અને ઇલેક્ટ્રોનિક શસ્ત્રોને નિષ્ક્રિય કરશે. તેની જ-બેન્ડ હાઇ-પાવર માઇક્રોવેવ સિસ્ટમ ૩ kV/m ની ક્ષમતાવાળા દુશ્મન સાધનોને જામ અથવા નાશ કરી શકે છે.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# શ્રાવણી અભિષેક

## દૂધ માટે તપ કરનાર બાળક ઉપમન્યુ માટે ભગવાન શિવે સૂરેશ્વર અવતાર લીધો!



હે દેવોના દેવ મહાદેવ.

સૌનાં હૃદયમાં કરુણા રૂપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને મારા સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. છે આજે સીડનીમાં સવાર, પણ શંકર તો હર સ્થાને હાજરાહજૂર છે, અને એવી એક ભક્તિની નિર્મળ ધારા જ ભક્તને ઈશ્વર પ્રેરિત કરી રહી છે. ભોળાંનાં ભગવાન તરીકે સમગ્ર સૃષ્ટિનાં સર્જક અને સંહારક એવાં મહાદેવનાં ભૃકુટિ વિલાસથી આ ચેતન્યમય જગત રસમય અને રમ્ય ભાસે છે. એની ભક્તિ કરવાનો લ્હાવો આપણે આખો શ્રાવણ લેશું! અને શિવપુરાણનાં વિવિધ કથાનકથી આપણે શિવ તત્વની લીલાઓ તેમજ અવતાર કથાનું મહાત્મ્ય જાણીશું! જીવ અને શિવનો નાતો યુગો યુગોથી ગંગાની નિર્મળ ધારા જેવો છે, અને એટલે જ ભગવાન શિવ ભક્તની ભાવનાને મસ્તક પર ધારણ કરી, એનાં જીવનને વધુ નિર્મળ બનાવે છે.

શિવપુરાણમાં આગળ નંદીકેશ્વર સનત કુમારોને કહે છે કે હે મુનિ,ભગવાન શિવનાં સુરેશૂરાવતાર ની કથા, ઉપમન્યુની તપસ્યા અને એમને ઉત્તમ વરદાનની પ્રાપ્તિ થઈ એ પ્રસંગ સાંભળો. ઉપમન્યુ વ્યાઘ્રપાદ મુનિના પુત્ર હતાં, અને પૂર્વ જન્મમાં સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી હતી, પરંતુ વર્તમાન જન્મમાં મુનિ કુમાર રૂપે પ્રગટ થયા હતા. દરિદ્રતાને કારણે શૈશવ અવસ્થા માટે મામાના ઘરે માતા સાથે રહેતા હતા. ઘરમાં દૂધની અછત હોવાથી એમને દૂધ પીવા મળતું ન્હોતું, અને વારંવાર તે દૂધની માંગણી કરતાં હતાં. એકવાર માતાએ પત્થર પર ચોખા ઘસીને પાણીમાં મેળવીને કૃત્રિમ દૂધ તૈયાર કર્યું, પણ ઉપમાન્યુ નકલી છે, એવું સમજી ગયાં, અને ફરી રડવા લાગ્યા. ત્યારે માતાએ કહ્યું કે શિવની કૃપા વગર કોઈને પણ દૂધ મળતું નથી. માતાની વાત સાંભળીને ઉપમન્યુ ભગવાન શિવની આરાધના કરવા હિમાલય પર્વત પર ગયાં. ત્યાં તેમણે શિવનું એક મંદિર બનાવ્યું અને માટીના શિવલિંગની સ્થાપના કરી, માતા પાર્વતી સાથે શિવનું આહવાન કર્યું. અને જંગલના પત્ર પુષ્પોથી તે પંચાક્ષર મંત્ર દ્વારા શિવની નિત્ય આરાધના કરવાં લાગ્યાં તેના તપનું તેજ વધતા દેવતાઓ ગભરાઈ ગયા. શિવ પાર્વતીએ ઉપમાન્યુની પરીક્ષા કરવાનો નિર્ણય કર્યો. ભગવાન શિવે સુરેશૂર દેવ ઈન્દ્રનું રૂપ લીધું, માતા પાર્વતીએ શચિનુ, અને નંદીએ ઐરાવત હાથીનું રૂપ લીધું, અને એ લોકો ઉપમન્યુ સમક્ષ આવ્યા. બાળક ઉપમન્યુને ઈન્દ્રએ વરદાન માંગવા કહ્યું ત્યારે એને શિવની ભક્તિ માંગી, ઈન્દ્રએ કહ્યું કે હું દેવોનો દેવ છું, તું મારી પાસેથી કંઈક એશ્વર્ય પ્રાપ્ત કર, અને શિવ વિશે ઘસાતું બોલ્યાં. ઉપમન્યુએ કહ્યું કે મારે તમારી પાસેથી કોઈ જ વસ્તુ જોઈતી નથી અને જો મારા ઈષ્ટદેવ શિવનું અપમાન થશે તો, હું તમને મારીને ખુદ મરી જઈશ. ઉપમન્યુએ અઘોરાસ્ત્ર છોડ્યું, પરંતુ નદીએ પકડી લીધું. એમણે પોતે ખુદ બળી મરવા અગ્નિ પ્રગટાવ્યો, અને ભગવાને અગ્નિને શાંત કરી દીધો. ભગવાન શિવ પ્રસન્ન થઈને પોતાના યથાર્થ સ્વરૂપમાં પ્રગટ પ્રગટ થઈ ગયાં, અને ઉપમન્યુને પોતાનો પુત્ર માની એના પર વાત્સલ્ય ભર્યો હાથ મૂક્યો, અને કહ્યું હુ તમારો પિતા, અને આ પાર્વતી દેવી તમારી માતા છે. હવે તમારે માટે દૂધ, દહીં, અને મધનાં હજારો સમુદ્ર હાજર છે, તેમજ ભક્ષ્ય ભોજન વગેરે પદાર્થો પણ સુલભ થશે. આ ઉપરાંત પાશુપત વ્રત પાશુપત જ્ઞાનનો ઉપદેશ દીધો. પાર્વતીએ પણ એમને અક્ષય કુમાર પદ પ્રદાન કર્યું. શિવે યોગ સંબંધી એશ્વર્ય, નિત્ય સંતોષ, અક્ષય બ્રહ્મવિદ્યા, તથા ઉત્તમ સમૃદ્ધિ પ્રદાન કરી, કુળ અને ગોત્ર અક્ષય થાઓ એવું વરદાન આપ્યું. આ ઉપરાંત ઉપમન્યુના આશ્રમ પર નિત્ય નિવાસ કરીશ એવું પણ કહ્યું.

આગળ નંદીકેશ્વર સનતકુમારોને કહે કે જ્યારે પાંડવો અજ્ઞાતવાસમાં વનમાં રહેતાં હતાં, ત્યારે ભગવાન શિવ એ કિરાત નામના અવતારથી અર્જુનની પરીક્ષા લીધી અને ત્યારબાદ એની પર પ્રસન્ન થઈ, એને શક્તિ અને ઉચ્ચ શસ્ત્રની ભેટ આપી હતી, એ પ્રસંગ વિસ્તારથી સાંભળો. જ્યારે પાંડવો જુગારમાં હારી ગયાં, અને બાર વર્ષ વનવાસ અને તેરમાં વર્ષે અજ્ઞાત વાસમાં રહેવું પડશે, આ સજાથી પાંડવો જ્યારે સતી સાધ્વી દ્રૌપદીને લઈ વનમાં ચાલ્યાં જાય છે, અને ત્યારે દુર્યોધન એ દુર્વાસાને ભોજન માટે પાંડવો પાસે મોકલ્યાં. દુર્વાસા પોતાનાં દસ હજાર શિષ્ય ને લઈને પાંડવો પાસે પહોંચ્યા અને મનને અનૂકૂળ ઉત્તમ ભોજનની યાચના કરી. આટલાં લોકોનું ભોજન થાય એટલું અન્ન તો હતું નહીં! પાંડવોએ વિચારવાનો સમય મળી રહે એ માટે મુનિઓને સ્નાન કરવા મોકલ્યા અને દ્રૌપદીએ આવેલા સંકટનું નિવારણ કરવા ભગવાન શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું , અને ભગવાન તત્ક્ષણ પ્રગટ થયા! એમણે દ્રૌપદીને અક્ષય પાત્ર આપ્યું અને દુર્વાસા અને એમના શિષ્યો સંતુષ્ટ થઈ વિદાય લીધી.

ભગવાન કૃષ્ણએ પાંડવોને ભગવાન શિવની આરાધના કરવા કહ્યું! કારણકે શિવજી સંપૂર્ણ દુઃખોનો વિનાશ કરનારા, તેમજ થોડી ભક્તિથી પ્રસન્ન થઈ જનારા છે. દેવોના દેવ મહેશ્વર જ્યારે પ્રસન્ન થાય છે ત્યારે એ ભક્તની બધી જ અભિલાષાઓ પૂર્ણ કરે છે અને આ લોકમાં સારામાં સારા ભોગ અને પરલોકમાં મોક્ષ આપી દે છે એટલા માટે ભક્તિમુક્તિ રૂપી ફળની કામના કરવાવાળા સદા શંભુની સેવા કરવી જોઈએ. પરંતુ આ માટે અર્જુને પહેલા દ્રઢતાપૂર્વક શક્રવિદ્યાનો જપ કરવો પડશે, અને ઈન્દ્ર સંતુષ્ટ થાય ત્યારે એ શિવજીનો શ્રેષ્ઠ મંત્ર પ્રદાન કરશે, આ મંત્રનો જાપ કરવાથી શિવજી પ્રસન્ન થાય છે. અર્જુને વેદ વ્યાસના પાસેથી શક્રવિદ્યા ગ્રહણ કરી, ભગવાન વેદ વ્યાસે યુધિષ્ઠિર સહિત પાંડવોને પાર્થિવ લિંગની પૂજાનું વિધાન બતાવ્યું, અને કહ્યું હે નૃપ શ્રેષ્ઠ આપ ધર્મ પર અડગ રહેજો. અર્જુનને રમણીય એવા ઈન્દ્રકીલ પર્વત પર જવા કહ્યું! જાન્હવી તટ પર બેસીને સમ્યક રૂપે તપસ્યા કરવાનો આદેશ આપ્યો.અર્જુને ચારે ભાઈઓ અને દ્રૌપદીની અનુમતિ માંગી, અને વેદ વ્યાસે જણાવેલ પર્વત તરફ ગતિ કરી. અર્જુન પણ ઈન્દ્રિય સુખને ભૂલીને, એટલે કે ભૂખ, થાક, તરસને નજર અંદાજ કરી એવાં જ પાર્થિવ લિંગની સ્થાપના કરી દ્રઢ મનથી ત્રણેય સમયે સાધના ઉપાસના કરવા લાગ્યાં.તપથી એમનાં મસ્તક માંથી તેજની જ્વાળાઓ નીકળવા લાગી, અને એ તપથી ઈન્દ્રાસન હલવા લાગ્યું. ઈન્દ્રનાં ગુપ્તચરો એ કહ્યું હે દેવરાજ! વનમાં એક પુરુષ તપ કરી રહ્યો છે, પણ અમને એ ઋષિ મુનિ છે, કે સૂર્ય, અગ્નિ છે, એ ખબર નથી. ગુપ્તચરોનાં વર્ણન પરથી ઈન્દ્રને પોતાનાં પુત્ર અર્જુનનાં મનોરથની જાણ થઈ. એ વૃદ્ધ બ્રાહ્મણ બની ત્યાં પહોંચ્યા અને અર્જુનની પરીક્ષા કરવા અની શિવ ભક્તિથી વિચલિત થાય એવી વાતો કરી! પણ અર્જુને પોતાના ઈષ્ટદેવ ભગવાન શિવ પર લેશમાત્ર સંશય કર્યો નહીં! આથી તે પ્રસન્નતા પૂર્વક પોતાનાં મૂળ સ્વરૂપમાં આવ્યાં અને શિવ મંત્ર બતાવ્યો, અને અર્જુનએ કઠોર શિવ સાધના શરૂ કરી.

આપણે જે ''ૐ નમો ભવાય શર્વાય રુદ્રાય ચ વરદાય ચ!'' નો રુદ્રી પાઠ કરીએ છીએ, એ શ્રીકૃષ્ણનાં સૂચવેલ અર્જુન દ્વારા શિવની ઉપાસના માટે બોલાયેલ શ્લોકોનો ભાગ છે. ભગવાન શિવે અર્જુનને પશુપતાસ્ત્ર નામનું શસ્ત્ર ભેટ આપ્યું, અને કુરુક્ષેત્રનાં મેદાનમાં એનો ઉપયોગ કરીને વિજયી બને છે, એ પ્રસંગ આવતી કાલના ચિંતનમાં વણી લેશું. પાંડવો ધર્મ અને સત્ય પથ પર ચાલ્યા એટલે ભગવાન શ્રીકૃષ્ણ અને ભગવાન શિવ બંનેએ તેની મદદ કરી વિજયી બનાવ્યા! આપણે પણ વર્ષોથી શાંતિ માટે આ જીવન યુદ્ધ લડી રહ્યાં છીએ, તે યુદ્ધમાં વિજયી બનીએ. બોલો ૐ નમઃ શિવાય.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### ૧૫૦ ફૂટ રિંગ રોડ પરથી સ્કોર્પિયો આંતરી લેવાઈઃ કુલ ૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત

# દારૂ ભરેલી કાર સાથે માવલો પકડાયો

## ડીસીબીએ ૨.૧૮ લાખના દારૂ સાથે પુનિતનગરના શખ્સને પકડ્યોઃ મૂળીના ગઢાદના પ્રદીપસિંહનું નામ ખુલ્યું

રાજકોટ, તા.૭

શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલ પુનીતનગર પાણીના ટાંકા સામે, વિશ્વકર્મા સોસાયટી, તાત્કાલિક હનુમાન મંદિર પાસે રોડ પરથી ક્રાઇમ બ્રાન્ચની ટીમે એક સ્કોર્પિયો કારમાંથી ગેરકાયદેસર વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી પ્રોહીબીશનનો કેસ શોધી કાઢેલ છે. પ્રોહીબીશન અને જુગારની પ્રવૃતિઓ સદંતર નેસ્તનાબુદ કરવા માટે રાજકોટ શહેર પોલીસ દ્વારા આપવામાં આવેલ સૂચના અન્વયે ક્રાઇમ બ્રાન્ચે આ સફળ કામગીરી કરી છે. દારૂ સાથે એક શખ્સ પકડાઈ ગયો છે, બીજાનું નામ ખુલ્યું છે.

ડી.સી.બી. પોલીસ સ્ટેશનની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન મળેલી સંયુક્ત બાતમીના આધારે દરોડો પાડીને એક આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો.

પોલીસે સ્થળ પરથી મહાવીરસિંહ ઉર્ફે માવલો વનરાજસિંહ વાઘેલા (ઉ.વ.૨૫, રહે. વિશ્વકર્મા સોસાયટી, આશાપુરા ડેરી ફાર્મની બાજુમાં, પુનીતનગર, ૧૫૦ ફટ રિંગ રોડ, રાજકોટ) નામના આરોપીને ઝડપી પાડ્યો છે. જ્યારે વિદેશી દારૂનો જથ્થો આપનાર આરોપી પ્રદીપસિંહ સુખદેવસિંહ પરમાર (રહે. ગઢાદ ગામ, તા. મુળી, જી. સુરેન્દ્રનગર) ને પકડવાનો બાકી છે.

પોલીસે આરોપી પાસેથી રૂ. ૨,૧૮,૪૦૦ કિંમતની ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ ૧૫૮ બોટલો જેમાં રોયલ ચેલેન્જ ફાઇન રીઝર્વ વ્હીસ્કીની ૫૦ બોટલ કિં.રૂ. ૭૮,૦૦૦ અને રોયલ સ્ટગ વ્હીસ્કીની ૧૦૮ બોટલ કિં.રૂ. ૧,૪૦,૪૦૦, રૂ. ૧૦,૦૦,૦૦૦ કિંમતની મહિન્દ્રા સ્કોર્પિયો કાર નં. જીજે૦૩ડીજી ૬૧૩૧ અને રૂ. ૫૦૦ની કિંમતનો લાવા કંપનીનો હીરો મોડલનો મોબાઇલ ફોન મળી કુલ રૂ. ૧૨,૧૮,૬૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ અંગે રાજકોટ શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશન કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ કામગીરી પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્યા માંડલીક, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) ભરત બી. બસીયાના સૂચના અન્વયે તેમજ પોલીસ ઇન્સ્પેક્ટર એ.એસ.ચાવડા, એમ.એલ.ડામોર તથા સી.એચ. જાદવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

ટીમમાં પોલીસ સબ ઇન્સ્પેક્ટર વી.ડી.દોડીયા, એ.એસ.આઇ. અમીતભાઇ અગ્રાવત, દિગપાલસિંહ જાડેજા, પોલીસ હેડ કોન્સ્ટેબલ રાજેશભાઇ જળુ, પ્રદિપસિંહ જાડેજા, જયરાજભાઇ કોટીલા, ધારાભાઇ વાનરીયા, રાહુલભાઇ ગોહેલ તથા પોલીસ કોન્સ્ટેબલ રાજેશભાઇ પટેલ જોડાયા હતા.




### આપણી આંગણવાડી આપણી જવાબદારી થીમ હેઠળ રાજ્યવ્યાપી આયોજન

# કાલથી એક મહિનો ઉજવાશે રાષ્ટ્રીય પોષણ માહ

## અલગ-અલગ પાંચ થીમ સાથે તમામ સરકારી વિભાગો જોડાશે; આંગણવાડી, પોષણ વાટિકા અને PMMVY પર રહેશે વિશેષ ભાર : ગાંધીનગર ખાતે મહિલા અને બાળ વિકાસ સચિવ રાકેશ શંકરની ઉપસ્થિતિમાં સંબંધિત વિભાગોના નોડલ અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૭

રાજ્યના તમામ વર્ગો, ખાસ કરીને સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ અને બાળકોના સ્વાસ્થ્ય તથા પોષણના સ્તરમાં વ્યાપક સુધારો લાવવાના ભગીરથ ઉદ્દેશ્યથી પોષણ અભિયાન અને મિશન પોષણ ૨.૦ અંતર્ગત ૯મા 'રાષ્ટ્રીય પોષણ માહ'નું આગામી તા. ૯ સપ્ટેમ્બરથી ૮ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન રાજ્યવ્યાપી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યવ્યાપી ઉજવણીના આયોજન સંદર્ભે આજે ગાંધીનગર ખાતે મહિલા અને બાળ વિકાસ સચિવ રાકેશ શંકરની અધ્યક્ષતામાં અને ICDS કમિશનર રણજિત કુમાર સિંઘની ઉપસ્થિતિમાં સંલગ્ન તમામ વિભાગોના નોડલ અધિકારીઓ સાથે એક ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગત વર્ષ ૨૦૨૫ દરમિયાન સમગ્ર રાજ્યમાં કુલ ૧૩૫.૫ લાખ જેટલી રેકોર્ડબ્રેક પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક યોજીને હાસિલ કરેલી સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી અને આગામી આયોજન વિશે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના પ્રેરણાદાયી માર્ગદર્શન અને મહિલા-બાળ વિકાસ મંત્રી ડો. મનિષાબેન વકીલના કુશળ નેતૃત્વમાં આ ઝુંબેશ ચાલુ વર્ષ ૨૦૨૬માં ''આપણી આંગણવાડી આપણી જવાબદારી'' મુખ્ય થીમ હેઠળ યોજવામાં આવી રહી છે. સામાજિક/વર્તણૂક પરિવર્તન સંચાર અને જન આંદોલન દ્વારા પોષણ સંબંધિત જાગૃતિ ફેલાવવા માટે વર્ષ ૨૦૨૬માં પાંચ થીમ નક્કી કરવામાં આવી છે, જેમાં આહારની વિવિધતા અને પર્યાપ્ત પ્રોટીન, આંગણવાડી કેન્દ્રો પર તાજું ગરમ રાંધેલું ભોજન, સામુદાયિક માલિકી અને જવાબદારી, બાળપણના વિકાસ માટે પોષણ અને પ્રારંભિક ઉત્તેજન-પ્રોત્સાહન તથા પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY): માતાના સ્વાસ્થ્ય માટે રોકડ સહાયનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પોષણ માહ દરમિયાન વિવિધ વિભાગો દ્વારા પરિણામલક્ષી પ્રવૃત્તિઓનું અમલીકરણ કરવામાં આવશે. આ ઝુંબેશ હેઠળ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા VHSND દરમિયાન માતા અને બાળકના સ્વાસ્થ્યની તપાસ, એનિમિયા સ્ક્રીનિંગ, કાઉન્સેલિંગ તેમજ ''પ્રથમ ૧૦૦૦ દિવસ'' અભિયાન અંતર્ગત ૦-૬ વર્ષના બાળકોનું વૃદ્ધિ માપન અને વિકાસલક્ષી વિલંબ ધરાવતા બાળકોને RBSK/આરોગ્ય સેવાઓ, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ગ્રામીણ



સ્તરે વિશેષ ''પોષણ ગ્રામસભા'' યોજીને ''આંગણવાડી પોષણ સંકલ્પ'' લેવડાવવામાં આવશે અને આંગણવાડીઓમાં SNP મેનૂ બોર્ડનું પ્રદર્શન, પીવાના પાણી તથા સ્વચ્છતાની સમીક્ષા કરી આંગણવાડી મેનેજમેન્ટ કમિટી-અખઈ બેઠકોનું આયોજન, ગ્રામવિકાસ વિભાગ મારફતે મહિલા સ્વ-સહાય જૂથો (SHG) દ્વારા પૌષ્ટિક અને ઓછી કિંમતની પ્રોટીનયુક્ત વાનગીઓનું નિદર્શન, ''એક SHG - એક પૌષ્ટિક વાનગી'' અભિયાન અને પ્રોટીનયુક્ત થાળી સ્પર્ધાઓનું આયોજન, પોષણ વાટિકા/કિચન ગાર્ડનને પ્રોત્સાહન, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા મિલેટ/ અન્ન અને કઠોળના ઉત્પાદન તેમજ સેવનને પ્રોત્સાહન, પોષણ વાટિકા માટે બીજ કીટનું વિતરણ કરીને ખેડૂતો માટે ''વિવિધ આહાર - સ્વસ્થ પરિવાર'' જાગૃતિ કાર્યક્રમો યોજાશે.

તેવી જ રીતે, શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓની સવારની પ્રાર્થના સભામાં પોષણ સંદેશાઓ રજૂ કરી, સ્વાસ્થ્યપ્રદ/ પ્રોટીન સભર ટિફિન સ્પર્ધાઓ યોજી વિદ્યાર્થીઓને ''પોષણ દૂત'' તરીકે સક્રિય કરવામાં આવશે. શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ઔદ્યોગિક વિસ્તારો અને શ્રમિક વસાહતોમાં કામકાજી તથા સગર્ભા મહિલાઓ માટે પોષણ જાગૃતિ કેમ્પ યોજીને પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY) હેઠળ મહત્તમ નોંધણી અભિયાન, માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા ટીવી, રેડિયો અને સોશિયલ મીડિયા પર ''એક મિનિટ - એક પોષણ સંદેશ'' તથા શ્રેષ્ઠ કામગીરી કરતી આંગણવાડીઓ અને SHGની સાફલ્યગાથાઓનું પ્રસારણ, રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ યુવા મંડળોના સહયોગથી પોષણ જાગૃતિ રેલી, પોષણ રન/વોક, પોષણ ક્વિઝ અને શેરી નાટકો યોજશે.

આ ઉપરાંત સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા સંવેદનશીલ વર્ગો માટે વિશેષ પોષણ જાગૃતિ કેમ્પ, દિવ્યાંગ બાળકો/પરિવારો માટે પોષણ પ્રવૃત્તિઓ, સમુદાયમાંથી Poshan Championની પસંદગી કરવી, આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા પરંપરાગત પૌષ્ટિક આદિવાસી વાનગીઓનું દસ્તાવેજીકરણ અને ''સ્થાનિક ખોરાક - સ્થાનિક પોષણ'' ઝુંબેશ, પાણી પુરવઠા વિભાગ આંગણવાડીઓમાં સુરક્ષિત પીવાના પાણીની સુવિધા અને સાબુથી હાથ ધોવાના યોગ્ય નિદર્શન પર ભાર મૂકશે.

શહેરી વિકાસ વિભાગ શહેરી ઝૂંપડપટ્ટીઓમાં વિશેષ પોષણ કેમ્પ કરશે. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ વ્યાજબી ભાવની દુકાનો પર પૌષ્ટિક થાળી અંગે માહિતી, પોષણ મેળામાં Food Nutrition Information Stall, તેમજ વન અને પર્યાવરણ વિભાગ દ્વારા આંગણવાડીઓમાં પોષણ-સહાયક વૃક્ષોનું વાવેતર કરીને ''પોષણ વન'' વિકસાવવામાં આવશે. આ તમામ વિભાગોના સમન્વયથી રાષ્ટ્રીય પોષણ માહ ૨૦૨૬ને જન-જન સુધી પહોંચાડીને સ્વસ્થ ગુજરાતના સંકલ્પને સાકાર કરવામાં આવશે તેવું સરકારનું માનવું છે.

### જંકશન રેલવે સ્ટેશન પર રેલવે એલ.સી.બી.નો દરોડોઃ છત્તીસગઢનો એક શખ્સ પકડાયો, બીજો યુપીનો શખ્સ ફરાર

# રેલવે સ્ટેશનમાં ૧૮.૪૬૭ કિલો ગાંજા સાથે કર્મવીર ઝડપાયો

## પશ્ચિમ રેલવેના ઇ. નાયબ અધિક્ષક એચ.એમ.રાણા, પો.ઇન્સ. જે.આર. દેસાઇના માર્ગદર્શનમાં એલસીબી પીએસઆઇ જે.એમ. પરમાર અને ટીમને સફળતા




રાજકોટ તા. ૭

નાર્કોટિક્સ નાબૂદી માટે ચલાવાતા 'સે નો ટુ ડ્રગ્સ' મિશન હેઠળ પશ્ચિમ રેલવે પોલીસને મળી મોટી સફળતા

રાજ્યભરમાં યુવાધનને નશાની લતમાંથી બચાવવા અને નાર્કોટિક્સ પદાર્થોનું ગેરકાયદેસર વેચાણ અટકાવવા માટે ચલાવવામાં આવી રહેલા ''સે નો ટુ ડ્રગ્સ'' મિશન અંતર્ગત રાજકોટ રેલવે પોલીસને આંતરરાજ્ય ડ્રગ્સ નેટવર્ક સામે મોટી સફળતા સાંપડી છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓના પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. પશ્ચિમ રેલવે, રાજકોટની સ્પેશિયલ ટીમે રાજકોટ રેલવે સ્ટેશન પરથી આંતરરાજ્ય સ્તરે થતી નશાકારક પદાર્થોની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. આ ખાસ ઓપરેશન દરમિયાન લાખો રૂપિયાની કિંમતના ગેરકાયદે માદક પદાર્થ સાથે એક તસ્કરને સ્થળ પરથી જ દબોચી લેવાયો છે, જ્યારે તેનો અન્ય એક સાગરીત પોલીસને ચકમો આપી ભાગી છૂટવામાં સફળ રહ્યો છે.

વિગતો જોઈએ તો પ્લેટફોર્મ નંબર-૧ પર વાંકાનેર તરફના છેડે ટ્રોલી બેગો સાથે ફરેલા બે શખ્સો પર પોલીસને બાતમી મળી હતી. એલ. સી.બી. અને એસ.ઓ.જી. પશ્ચિમ રેલવે, રાજકોટની સંયુક્ત ટીમ દ્વારા રાજકોટ રેલવે સ્ટેશન ખાતેથી પસાર થતી આંતરરાજ્ય ટ્રેનો અને શંકાસ્પદ મુસાફરો પર સતત વોચ રાખવામાં આવી રહી હતી. આ દરમિયાન એ.એસ.આઈ. રામજીભાઈ, હસમુખભાઈ, ધર્મેન્દ્રસિંહને ચોક્કસ ખાનગી બાતમી મળી હતી કે બે શખ્સ શંકાસ્પદ અને વજનદાર ટ્રોલી બેગ લઈને સ્ટેશન વિસ્તારમાં ફરી રહ્યા છે. આ માહિતી મળતાં જ પોલીસે તુરંત પ્લેટફોર્મ નંબર-૧ ના વાંકાનેર તરફના છેડા પાસે વ્યૂહાત્મક ગોઠવણ કરી તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન બન્ને શંકાસ્પદ ટ્રોલી બેગની તલાશી લેતાં તેમાંથી ગેરકાયદે ગાંજાનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળે જ કાયદેસરની કાર્યવાહી કરી એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચાલુ કરી છે.

પોલીસ કાર્યવાહી દરમિયાન પકડાયેલ આરોપીની ઓળખ છત્તીસગઢના સુરજપુર જિલ્લાના ભયાથાન તાલુકાના ફુસમુસી ગામના નિવાસી કર્મવીર તુલશીદાસ પાટીલ તરીકે થઈ છે. જ્યારે તેની સાથે રહેલો ઉત્તરપ્રદેશના બાંદા જિલ્લાના તેદુરા ગામનો ૨૫ વર્ષીય આરોપી હર્ષસિંહ લલકસિંહ નાસી છૂટ્યો હોય, તેને પકડી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે આ દરોડા દરમિયાન કુલ રૂ. ૯,૪૧,૧૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જેમાં રૂ. ૯,૨૩,૩૫૦ ની કિંમતનો ૧૮ કિલો ૪૬૭ ગ્રામ માદક ગાંજો, રૂ. ૧૫,૦૦૦ ની કિંમતનો એક ઓપ્પો મોબાઈલ ફોન, રૂ. ૧૮૦૦ ની રોકડ રકમ તથા રૂ. ૧૦૦૦ ની કિંમતની બે નંગ ટ્રોલી બેગનો સમાવેશ થાય છે.

રેલવે પોલીસ અને એલ.સી.બી.-એસ.ઓ.જી. ટીમના અધિકારીઓ તથા કર્મચારીઓએ આનોંધપાત્ર કામગીરી કરી હતી.આ સમગ્ર કાર્યવાહી પશ્ચિમ રેલવેના ઉચ્ચ અધિકારીઓ કે.એન. ડામોર, યશપાલ જગાણીયા, સી.પી. મુંધવા તથા ઇ. નાયબ અધિક્ષક એચ.એમ. રાણા સાહેબની સીધી સૂચનાથી અને પો.ઇન્સ. જે.આર. દેસાઈના માર્ગદર્શન હેઠળ પાર પાડવામાં આવી હતી. સાથે એલ.સી.બી. પશ્ચિમ રેલવે રાજકોટના પો.સબ.ઇન્સ. જે.એમ. પરમાર, એ.એસ.આઈ. રામજીભાઈ ચંદુલાલ, એ.એસ.આઈ. ધર્મેન્દ્રસિંહ મહાવીરસિંહ, પો.કોન્સ. પૃથ્વીરાજસિંહ જયવંતસિંહ, પો.કોન્સ. હસમુખભાઈ રાઘવભાઈ, પો.કોન્સ. ભુપતભાઈ કાનાભાઈ, પો.કોન્સ. દિવ્યરાજસિંહ વાઘુભા, પો.કોન્સ. જયેશભાઈ નાથાભાઈ તેમજ એસ.ઓ.જી. પશ્ચિમ રેલવે રાજકોટના પોલીસ હેડ.કોન્સ. સિધ્ધરાજસિંહ કનુભા સહિતનો સ્ટાફ જોડાયો હતો.

### રોજબરોજ લોકોને એપીકે ફાઇલથી થતાં ફ્રોડથી સજાગ રહેવા જાગૃત કરવામાં આવે છે છતાં થઇ જાય છે આવા ફ્રોડ

# ચલણ ભરવા APK ફાઈલ મોકલી પોણા છ લાખનો ચૂનો

## વૃધ્ધને છેતરી લેવાયાઃ બીજી તરફ ટેક્સટાઇલના વેપારી સાથે બે ગઠીયાઓની સાડીના વેપારમાં એકવીસ લાખ છ્યાંસી હજારની ઠગાઇઃ પોલીસે બે ગઠીયાને દબોચી લીધા

રાજકોટ, તા. ૭

ઓનલાઇન આરટીઓના ઇ-ચલણના મેસેજ મોકલી એપીકે ફાઇલ ડાઉનલોડ કરાવડાવી ફોન હેક કરી બેંક ખાતા સફાચટ કરી નાખવાના બનાવો વારંવાર બને છે. વધુ એક આવી ઠગાઇ થઇ હતી. જેમાં એક વૃધ્ધને ઇ-ચલણની ફાઇલ મોકલી પાંચ લાખ સડસઠ હજારનો ચૂનો લગાવી દેવાયો હતો. બીજી તરફ ટેક્સટાઇલ માર્કેટના વેપારી સાથે એકવીસ લાખ છ્યાંસી હજારની ઠગાઇ કરવામાં આવી હતી. સાડીનો માલ જથ્થાબંધ રીતે ખરીદ કર્યા બાદ ગઠીયાઓ ગાયબ થઇ ગયા હતાં. પોલીસ સુધી આ વાત પહોંચતા તત્કાળ કાર્યવાહી કરવામાં આવી હતી અને બે ગઠીયાને રાજસ્થાનના જયપુરથી પકડી લેવાયા હતાં. તપાસમાં વધુ ઠગાઇના ભેદ ખુલવાની આશા છે.

પ્રથમ ફ્રોડની વિગતો જોઇએ તો અમદાવાદના મકરબામાં રહેતા વૃદ્ધ સાથે ઈ-ચલણ ભરવાના બહાને રૂ. ૫,૬૭,૭૦૦નું સાયબર ફ્રોડ થયું છે. વૃદ્ધના મોબાઈલ પર ક્રેટા ગાડીનું બાકી ટ્રાફિક ચલણ ભરવા અંગેનો એક ટેક્સ્ટ મેસેજ આવ્યો હતો. જેમાં આપેલી લિંક પર ક્લિક કરતા એમપરિવહન એપીકે નામની ફાઈલ ડાઉનલોડ થતા તેનો ફોન હેક થઈ ગયો હતો, જે બાદ વૃદ્ધના સેવિંગ્સ ખાતામાંથી ઠગે આઇએમપીએસથી રૂ. ૫,૬૭,૭૦૦ અલગ-અલગ ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધા હતા. આ અંગે વૃદ્ધે સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી હતી. વૃદ્ધ ફ્રુટ માર્કેટમાં ફ્રુટનો વેપાર કરે છે. તેમના મોબાઈલ નંબર પર એક અજાણ્યા નંબર પરથી ટેક્સ મેસેજ આવ્યો હતો. આ મેસેજમાં ક્રેટા ગાડીનું ચલણ ભરવાનું કહેવામાં આવ્યું હતું અને નીચે એક લિંક આપેલી હતી.

આ લિંક પર ક્લિક કરતા જ મોબાઈલમાં એમપરિવહનએપીકે નામની એપ્લિકેશન ડાઉનલોડ થઈ ગઈ હતી, જેને તેમણે તરત જ બંધ કરી દીધી હતી. ત્યારબાદે સવારે તેમણે ફોનમાં રૂપિયા કપાયાના મેસેજ જોયા હતા. આ અંગે તેમણે પોતાની દુકાને જઈ ભાઈ




વિશાલને વાત કરી હતી. બંને ભાઈએ બેંકમાં જઈને તપાસ કરતા તેમની સાથે ફ્રોડ થયું હોવાનું અને ફોન હેક થયો હોવાનું સામે આવ્યું હતું. સાયબર ગઠિયાઓએ તેમના બેંકના ખાતામાંથી તપ્ભ્લ્થી કુલ રૂ. ૫,૬૭,૭૦૦ની રકમ અલગ અલગ ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધી હતી. આ અંગે તેમણે તાત્કાલિક ૧૯૩૦ હેલ્પલાઇન પર સંપર્ક કરી સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

બીજી ઠગાઇમાં સુરત ટેક્સટાઇલ માર્કેટના વેપારી સાથે એકવીસ લાખ છ્યાંસી હજારની ઠગાઇ કરવામાં આવી હતી. સાડીનો માલ જથ્થાબંધ રીતે ખરીદ કર્યા બાદ ગઠીયાઓ ગાયબ થઇ ગયા હતાં. પોલીસ સુધી આ વાત પહોંચતા તત્કાળ કાર્યવાહી કરવામાં આવી હતી અને બે ગઠીયાને રાજસ્થાનના જયપુરથી પકડી લેવાયા હતાં. તપાસમાં વધુ ઠગાઇના ભેદ ખુલવાની આશા છે.

વિગતો પર નજર કરીએ તો સુરતના જાણીતા ટેક્સટાઇલ માર્કેટના વેપારી પાસેથી કુલ ૨૧,૮૬,૫૧૩ની કિંમતની સાડીઓનો જથ્થો મેળવી નાણાં ન ચૂકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરવાના આવી છે. આ ગુનામાં સલાબતપુરા પોલીસને આરોપી સુધી પહોંચ્વામાં સફળતા મળી હતી. આ ગંભીર આર્થિક ગુનો આચરીને છેલ્લા બે મહિનાથી પોલીસને થાપ આપી અલગ-અલગ જગ્યાએ નાસતા ફરતા બે વોન્ટેડ આરોપીઓને સલાબતપુરા પોલીસની ટીમે બાતમીના આધારે છેક રાજસ્થાનના જયપુર ખાતેથી દબોચી લીધા હતાં. આ ઠગાઈના ગુનાની ગંભીરતાને ધ્યાને રાખી નાયબ પોલીસ કમિશનર ઝોન-૨ ડો. કાનન દેસાઈના સીધા સુપરવિઝન હેઠળ એક સ્પેશિયલ ટીમ તૈયાર કરવામાં આવી હતી.

મદદનીશ પોલીસ કમિશનર સી ડિવિઝન ચિરાગ વાડદોરીયા અને સલાબતપુરા પી.આઈ. આર.એ. જાડેજાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે ઉચ્ચ અધિકારીઓની મંજૂરી મેળવી રાજસ્થાન ખાતે ધામા નાખ્યા હતા. જયપુરમાં આરોપીઓના તમામ સંભવિત છુપાવાના સ્થળો પર સતત વોચ રાખીને ટીમે આખરે બંને વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસ પકડમાં આવેલા આરોપીઓમાં દિનેશકુમાર સીયારામ શર્મા અને મુકેશકુમાર સીયારામ શર્માનો સમાવેશ થાય છે. સલાબતપુરા પોલીસે બંને આરોપીઓને જયપુરથી સુરત લાવી વેપારીના બાકી નાણાં અને આ મામલે સંડોવાયેલા અન્ય તત્વો અંગે આગળની કાયદેસરની કડક પૂછપરછ અને તપાસ હાથ ધરી હતી.

# અમરનગરમાં મહિલાના જૂગારધામમમાં થોરાળા પોલીસનો દરોડોઃ ૭ પકડાયા

### અમરનગરમાં મહિલાના જૂગારધામમાં થોરાળા પોલીસનો દરોડોઃ ૭ પકડાયા



રાજકોટ તા. ૭

શહેરમાં શ્રાવણીયા જૂગારધામો પર સતત દરોડા પડી રહ્યા છે. પુરૂષોની સાથે સાથે મહિલાઓએ પણ બેફામ જૂગારધામ ધમધમાવ્યા હતાં. વધુ એક આવુ જુગારધામ પકડાયું હતું. જેમાં ચાર મહિલા સહિત સાત પત્તાપ્રેમીઓ પકડાઇ ગયા હતાં. દૂધ સાગર રોડ પર ગુ.હા. બોર્ડ પાસે અમરનગર મફતીયાપરા શેરી નં. ૧માં રહેતાં પંચાવન વર્ષિય ભાનુબેન ધીરૂભાઇ સીપરીયા પોતાના ઘરમાં જૂગારધામ ચલાવતી હોઇ થોરાળા પોલીસે દરોડો પાડી તેના સહિત સાતને પકડી લઇ રોકડ કબ્જે કરી હતી.

વધુ માહિતી અનુસાર થોરાળા પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી પરથી ભાનુબેનના ઘરમાં દરોડો પાડી તેને તથા ગીતાબેન દિપેશભાઇ સિધ્ધપુરા (રહે. સહકાર સોસાયટી-૪, નંદા હોલ પાસે), શોભનાબેન ભુપતભાઇ ચાવડા (રહે. સોમનાથ સોસાયટી-૫ રણુજા મંદિર પાસે), રેખાબેન અજયભાઇ ડાભી (રહે. ભગવતીપરા, ૪૩ નંબરની સ્કૂલવાળી શેરી, મુળ ગામ રબારીકાનુ પાટીયુ સામા કાંઠે જેતપુર) તેમજ રમેશગીરી ભવાનીગીરી ગોસ્વામી (રહે. મયુરનગર મેઇન રોડ માણેક પાર્ક બીલ્ડીંગ એ-૧૦૨), ગોલણભાઇ ભગુભાઇ ગીડા (રહે. મોરબી રોડ રઘુવીર પાર્ક-૧) અને જયરાજભાઇ દાદભાઇ વાળા (રહે. બાલમુકુન્દ પ્લોટ નિર્મલા રોડ, મુળ વિશ્વનગર ક્વાર્ટર નં. ૨૧/૨૨૨૮)ને જૂગાર રમતાં પકડી લઇ રૂા. ૨૭૦૫૦ની રોકડ કબ્જે કરી હતી. થોરાળા પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર શક્તિસિંહ પી. સોઢાના માર્ગદર્શનાં પીએસઆઇ ટી. ડી. જાડેજા અને ટીમે આ દરોડો પાડ્યો હતો.

### જસદણ ફોરેસ્ટ વિભાગની ટીમ પર વિંછીયા સોમપીપળીયાના શખ્સોનો ટોળકી રચી હલ્લોઃ ફરજમાં રૂકાવટ-ધમકી

# અમારા માલઢોર ડબ્બે પુરશો તો મારી નાંખશુઃ ફોરસ્ટ ટીમ પર હુમલો

## રાઉન્ડ ફોરેસ્ટ ઓફિસર અને ટીમ પર હુમલો કરી ઈજાઓ પહોંચાડતાં જસદણ પોલીસે FIR દાખલ કરી

રાજકોટ તા. ૭

ફોરેસ્ટ વિભાગની ટીમ પર કાયદેસરની કાર્યવાહીમાં અડચડ ઉભી કરી વિંછીયાના સોમ પીપળીયાના શખ્સોએ ટોળકી રચી હીચકારો હુમલો કર્યો હતો. ફરજમાં રૂકાવટ કરી ખૂનની ધમકી આપાવમાં આવતાં કાર્યવાહી કરવામાં આવી હતી. જસદણ ફોરેસ્ટ વિભાગની ટીમ પર પેટ્રોલીંગ દરમ્યાન સોમ પીપળીયા ગામના શખ્સોએ ટોળકી રચી લાકડીથી હુમલો કરતાં ફરજમાં રૂકાવટ, હુમલો, ધાકધમકીની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. સરકારી વીડીમાં ગેરકાયદેસર રીતે ઢોર ચરાવવા બાબતે નિવેદન નોંધવાની કામગીરી કરતી વખતે આરોપીઓએ એકસંપ થઈ ફોરેસ્ટ અધિકારીઓ તથા સ્ટાફ પર તુટી પડી નાની મોટી ઈજાઓ પહોંચાડવામાં આવી હતી.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં જસદણ પોલીસે મોઢુકાના રાઉન્ડ ફોરેસ્ટ ઓફિસર દલસુખભાઈ ધીરૂભાઈ કમેજળીયાએ નોંધાવેલી ફરિયાદને આધારે વિંછીયાના સોમ પીપળીયા ગામના નાગજી રાજા રાતડીયા, જીલા ગોવિંદ રાતડીયા, ભરત નાગજી રાતડીયા, સતા રૂપા રાતડીયા, મોકો કાનજી રાતડીયા, હાથી રાજા રાતડીય અને બે અજાણ્યા સામે એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી. ફોરેસ્ટ ઓફિસર દલસુખભાઈ ધીરૂભાઈ કમેજળીયા અને તેમની ટીમના બીટ ગાર્ડ વિપુલભાઈ સોલંકી, ચોકીદાર બનાભાઈ ઘોરીયા તથા અશ્વિનભાઈ ચૌહાણ સહિતને લઇ કેમ્પર ગાડી લઈને ફુલઝર ગામ બહાર નર્સરી પાસે પેટ્રોલીંગમાં હતા.

આ દરમિયાન સામેથી સોમ પીપળીયા ગામના નાગજી રાજા રતડીયા અને જીલુ ગોવિંદ રતડીયા આવતા દેખાયા હતા. આ બંને શખ્સો સામે અગાઉ ફોરેસ્ટ વિભાગની સરકારી વીડીમાં ગેરકાયદેસર રીતે ઢોર ચરાવવા અંગે ગુનો દાખલ થયેલ હોઇ તેમની પુછપરછ કરી નિવેદન લેવા માટે ગાડી ભી રાખી હતી. પણ નાગજી રાતડીયાને નિવેદન માટે લઈ જતી વખતે જીલુ રાતડીયા ત્યાંથી ભાગી ગયો હતો અને ફોન કરીને સોમ પીપળીયાના ભરત નાગજી રાતડીયા, સતા રૂપા રાતડીયા, મોકો કાનજી રાતડીયા, હાથી રાજા રાતડીયા તથા અન્ય અજાણ્યા શખ્સોને લાકડીઓ સાથે સ્થળ પર બોલાવી લીધા હતા. આ તમામ શખ્સોએ ફોરેસ્ટ ટીમ પર તૂટી પડી ગાળો આપી હતી.

બીજી વખત અમારો માલઢોર ડબ્બે પુર્યો તો તમને બધાને જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી હતી. આ હુમલામાં દલસુખભાઈને ગરદન તથા શરીરે લાકડીઓના ઘા વાગતા ચક્કર આવી ગયા હતા. જ્યારે વિપુલભાઈને છાતીમાં, બનાભાઈને હાથની આંગળીમાં ફ્રેક્ચર અને અશ્વિનભાઈને પણ ઈજાઓ પહોંચી હતી. આ ઉપરાંત વચ્ચે બચાવવા આવેલા સ્થાનિક નાગરિક મુકેશભાઈ દેવાભાઈને પણ હુમલાખોરોએ લાકડીઓ મારી હતી. ઘટના બાદ ઈજાગ્રસ્ત ફોરેસ્ટ સ્ટાફને તાત્કાલિક સારવાર અર્થે જસદણ



સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જસદણ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટર જે. પી. ગોસાઇએ આ બનાવમાં ગેરકાયદે મંડળી રચી, સરકારી કર્મચારીની ફરજમાં રૂકાવટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ એફઆઇઆર દાખલ કરી આરોપીઓને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી.

### વિદેશ સ્થાયી થવાના સપના જોનારા વધુ બે લોકોને લાગી ગયો મોટો ચૂનો

# વિઝાના નામે સવા કરોડની છેતરપીંડી

## એકને સિત્તેર લાખનો અને બીજાને સાડા પંચાવન લાખનો ડામ આવ્યોઃ લેભાગુ એજન્ટોએ છેતરી લેતાં બે અલગ અલગ ફરિયાદ

રાજકોટ તા. ૭

વિદેશના વર્ક પરમીટ વિઝાના નામે છેતરપીંડી કરવાના કિસ્સા પણ રોજબરોજ બનતા રહે છે. વધુ આવી નવી ઠગાઇઓ સામે આવી હતી. જેમાં ન્યુઝીલેનડના વિઝાના નામે સિત્તેર લાખથી વધુની ઠગાઇ અને કેનેડાના વિઝાના નામે અડધા કરોડથી વધુની છેતરપીંડી થઇ હતી. રોકડા ખંખરી લીધા બાદ ન્યુઝીલેન્ડના બોગસ વિઝા અને નકલી ફ્લાઇટ ટીકીટ ધાબડી દેવામાં આવી હતી.

પ્રથમ ઠગાઇની ઘટના જોઇએ તો અમદાવાદના એસ.જી. હાઇવે પર મકરબા સ્થિત વર્લ્ડ ટ્રેડ ટાવરમાં આવેલી કેપિટલ ઓવરસીઝ કંપની દ્વારા ન્યૂઝીલેન્ડના વર્ક પરમિટ વિઝા અપાવવાના નામે લોકો પાસેથી કરોડો રૂપિયા પડાવી લેવાનું મોટું કૌભાંડ સામે આવ્યું હતું. મૂળ કલોલના અને અંકલેશ્વરમાં નોકરી કરતા યુવક સહિતના લોકો પાસેથી રૂપિયા ૮૦.૯૫ લાખ મેળવી, બાદમાં માત્ર રૂપિયા ૧૧.૪૦ લાખ પરત કરી બાકીના રૂપિયા ૭૦.૫૫ લાખની છેતરપિંડી આચરવા અંગે અમદાવાદ સીઆઇડી ક્રાઇમે ચાર ઠગ સામે ગુનો નોંધ્યો હતો. વધુ માહિતી અનુસાર કલોલના વિપુલભાઈ નવીનચંદ્ર પ્રજાપતિએ ફેસબુક પર ન્યૂઝીલેન્ડ વર્ક વિઝાની જાહેરાત જોઈ સંપર્ક કર્યો હતો.

આરોપી વૈભવ પ્રજાપતિએ ૩ વર્ષના વર્ક પરમિટ વિઝા અને ૨.૫૦ લાખના માસિક પગારની લાલચ આપી હતી. શરૂઆતમાં ૮૦ હજાર પ્રોસેસિંગ ફી લઈ કરાર કર્યા હતા. ત્યારબાદ ઝૂમ એપ પર ઓનલાઈન ડમી ઈન્ટરવ્યુ લેવડાવી કંપનીમાં સેટિંગ હોવાનું નાટક રચ્યું હતું. વિપુલભાઈ પાસેથી રૂપિયા ૨૧.૨૦ લાખ અને અન્ય ત્રણ દંપતીઓ પાસેથી કપલદીઠ ૨૦ લાખ મળી કુલ ૮૦.૯૫ લાખ રોકડા તથા બેંક ટ્રાન્સફર મારફતે મેળવ્યા હતા. આરોપીઓએ વોટ્સઅપ ગ્રુપમાં ન્યૂઝીલેન્ડની લાઈટ ટિકિટ અને વિઝિટર વિઝાની પીડીએફ મોકલી હતી. વિપુલભાઈએ




ઓનલાઈન તપાસ કરતાં ટિકિટ કેન્સલ અને વિઝા બોગસ હોવાનું માલૂમ પડ્યું હતું.

ત્યારબાદ ન્યૂઝીલેન્ડની કંપનીએ પણ ઈ-મેઈલ મારફતે કોઈ ઓફર લેટર ન આપ્યો હોવાની સ્પષ્ટતા કરી હતી. રૂપિયા પરત માંગતાં આરોપીઓએ ૧૧.૪૦ લાખ આપ્યા હતા પરંતુ બાકીના ૭૦.૫૫ લાખ ના આપતાં વિપુલભાઈએ સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. સીઆઈડી ક્રાઈમે વૈભવભાઈ -જાપતિ, અખિલભાઈ ચાતુર, ઓઈસઅલી અકબરઅલી હસનવાલા અને અહેમદ અફલાક સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

બીજી આવી ઠગાઇ જોઇએ તો કેનેડામાં પુત્રને વર્ક પરમિટ વિઝા અપાવવાની લાલચ વિરમગામના કોન્ટ્રાક્ટરે રૂ.૫૫.૪૦ લાખ ગુમાવ્યા છે. ઇન્સ્ટાગ્રામની રીલમાં દર્શાવાયેલા મોબાઇલ નંબર પરથી સંપર્ક કર્યા બાદ સામેવાળાએ પોતાને જે.પી. પ્રકાશ, એમ્બેસી કમિશન ઓફિસર તરીકે જાળમાં ફસાવ્યાનું સામે આવ્યું હતું. વિરમગામના ખેમચંદ તુલશીભાઇ પરમારએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ઠગે પહેલા બાયોમેટ્રિક ફીના નામે રૂ.૧૮,૦૦૧ લીધા હતા. ધીમે ધીમે અલગ-અલગ -ોસેસિંગ ફીના નામે મોટી રકમની માંગણી કરતાં અલગ અલગ બેંક ખાતામાંથી રૂ.૫૧ લાખથી વધુ તેમજ વધુ એક વખત રૂ.૪.૪૫ લાખ રોકડા જમા કરાવ્યા હતા. પુત્ર ચિરાગને કેનેડા વર્ક પરમિટ વિઝા પર મોકલવાનો વિચાર હતો. આ દરમિયાન ચિરાગની ધર્મની બહેને ઇન્સ્ટાગ્રામ પર કેનેડાના વિઝા અંગેની એક રીલ જોઈ હતી. રીલમાં દર્શાવાયેલા મોબાઇલ નંબરો પર નયનાબેને વાત કરતાં વિઝા માટે જરૂરી દસ્તાવેજો માંગવામાં આવ્યા હતા. જે.પી.પ્રકાશ, એમ્બેસી કમિશન ઓફિસર તરીકે ઓળખાવનાર વ્યક્તિએ અલગ અલગ દિવસે રકમ પડાવી હતી.

પોતાના પુત્ર ચિરાગને કેનેડા મોકલવા પિતાએ ઇન્સ્ટાગ્રામ પર કેનેડાના વિઝા અંગેની રીલ જોવા મળ્યા બાદ સંપર્ક કર્યો હતો. ત્યારબાદ ચિરાગના દસ્તાવેજો મંગાવવામાં આવ્યા હતા. દસ્તાવેજો મોકલ્યા બાદ ફરિયાદી તથા નયનાબેનના વોટ્સએપ પર નોકરી અને પગારની વિગતો ધરાવતો ઓફર લેટર મોકલવામાં આવ્યો હતો. આથી વિશ્વાસ વધ્યા બાદ આરોપીઓએ અલગ-અલગ ફીના નામે પૈસા માંગવાનું શરૂ કર્યું હતું. જો કે છેલ્લે ઠગાઇ થઇ ગયાની ખબર પડી હતી.

### સાયબર ગઠીયાઓને વધુ એક વૃધ્ધને ભોગ બનાવ્યાઃ એક ટ્રાન્સપોર્ટર પણ ઝપટે ચડ્યા

# રોકાણના-ચારધામ યાત્રા બૂકીંગના નામે ઠગાઇ

## વૃધ્ધને મીરા ઐયર નામની યુવતિએ વ્હોટસ એપથી મેસેજ કરી આઈપીઓમાં રોકાણ કરવા લલચાવ્યા અને અઢી લાખ પડાવ્યાઃ બીજા કિસ્સામાં ચાર ધામ યાત્રા માટે ઓનલાઇન જાહેરાત જોઇ સંપર્ક કર્યો અને નાણા ગયા

રાજકોટ, તા.,૭

સાયબર ક્રાઇમના સતત બની રહેલા બનાવો વચ્ચે વધુ એક વૃધ્ધ છેતરાઇ ગયા હતાં. એક વૃધ્ધને શેર બજારમાં કમાણી કરાવી આપવાની લાલચ આપી છેતરી લેવાયા હતાં. વૃધ્ધને રોકાણ માટે એક એપ ઇન્સટોલ કરાવડાવી હતી અને બાદમાં જાણીતી ફાયનાન્સ કંપની તેમજ સેબીના નામે બોગસ સહી સિક્કાવાળા દસ્તાવેજો મોકલી ઠગાઇ કરવામાં આવી હતી. મીરા ઐયર નામની યુવતિએ વૃધ્ધનો વ્હોટ્સએપ પર સંપર્ક કર્યો હતો અને બાદમાં તેને જાળમાં ફસાવી રોકાણના નામે લલચાવી છેતરી લેવાયા હતાં. ઠગાઇના બીજા બનાવમાં ટ્રાન્સપોર્ટરને ચારધામ યાત્રાના બૂકીંગના નામે છેતરી લેવાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો વડોદરાના ગોત્રી રોડ વિસ્તારમાં રહેતા બાંસઠ વર્ષીય વરિષ્ઠ નાગરિકને શેરબજારમાં ટૂંકા ગાળામાં મોટો નફો અપાવવાની લાલચ આપી સાયબર ઠગબાજોએ બે લાખ સતાવન હજારનો ચૂનો ચોપડ્યો છે. આરોપીઓએ જાણીતી ફાઈનાન્સ કંપની અને માર્કેટ રેગ્યુલેટર સેબીના નામે બોગસ સહી-સિક્કાવાળા દસ્તાવેજો મોકલી વિશ્વાસ કેળવ્યા બાદ એક બનાવટી એપ્લિકેશન દ્વારા રોકાણ કરાવી આ છેતરપિંડી આચરી હતી. આ અંગે ફરિયાદીની ફરિયાદના આધારે સાયબર ક્રાઇમ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

વધુ માહિતી અનુસાર ગોત્રી સમતા રોડ પર આવેલા પાર્ક પ્લાઝામાં રહેતા અને અમિતનગરમાં ઓડિટર આસિસ્ટન્ટ તરીકે નોકરી કરતા ચેતનકુમાર હસમુખલાલ સલોતનો ગત ૧૭ જુલાઈના રોજ વોટ્સએપ પર 'મીરા ઐયર' નામની મહિલાએ સંપર્ક કર્યો હતો. પોતાને આશિષ કેહેરની આસિસ્ટન્ટ ગણાવી તેણે ફરિયાદીને ટ્રેડિંગ ટીપ્સ આપવાના બહાને વીઆઇપી મેમ્બર્સ એરીયા ૯૬૫' નામના ગ્રુપમાં ઉમેર્યા હતા. ત્યારબાદ 'નુવામા એસેટ મેનેજમેન્ટ'ના નામે બોગસ વેબસાઇટની લિંક મોકલી ફરિયાદી પાસેથી આધાર, પાન કાર્ડ અને બેંકની



વિગતો મેળવી લીધી હતી તેમજ સેબીના નામે નકલી કાગળો રજૂ કર્યા હતા.

આ રીતે પ્રોસીઝર કરાવ્યા બાદ ભરોસો જીત્યા બાદ ઠગબાજોએ ફરિયાદી પાસે 'ફીંણૂત' નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી ઘ્ઘ કરાવ્યું હતું. આ એપમાં આઈપીઓ અને સ્ટોકમાં મોટો નફો થતો હોવાનું ખોટું બતાવી રોકાણ કરાવ્યું હતું, જેથી ફરિયાદીએ અલગ-અલગ ખાતામાં રૂપિયા ૨,૫૭,૫૦૦ ટ્રાન્સફર કર્યા હતા. નાણાં જમા થયા બાદ એપમાં ૬૪ હજાર શેર એલોટ થયાનું બતાવી વધુ ૧૬ લાખ ભરવા દબાણ કરાયું હતું. ફરિયાદીએ નાણાં ભરવાની ના પાડતાં કાનૂની કાર્યવાહીની ધમકી અપાતાં પોતાને છેતરાઇ ગયાની ખબર પડતાં પોલીસને જાણ કરી હતી. આમ વધુ એક વૃધ્ધ સાયબર ગઠીયાઓનો શિકાર બની ગયા હતા.

ઠગાઇના બીજા બનાવમાં વાપીમાં ફેસબુક પર ટૂર પેકેજ જોઈ ટ્રાન્સપોર્ટરે ચારધામ યાત્રા માટે સામાવાળાના ખાતામાં થોડા થોડા કરી કુલ રૂ. ૪૦,૮૦૦ ટ્રાન્સફર કરી દીધા બાદ ફોન સ્વીચ ઓફ થતા ઠગાઈની જાણ થઇ હતી. જે અંગે પોલીસમાં ફરિયાદ કરવામા આવતાં તપાસ શરૂ થઇ છે. વાપી હરિયા પાર્ક ખાતે સમન્વય પાર્કમાં રહેતા અને એસ. રોડલાઈન્સના નામે ટ્રાન્સપોર્ટ ચલાવતા ઓમ-કાશ સુર્યનારાયણ શુક્લાએ ડુંગરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે પરિવાર અને મિત્ર વર્તુળ દ્વારા ચાર ધામ યાત્રા જવા નક્કી કરવામાં આવ્યું હતું.

આ પછી મોબાઇલમાં ચાર ધામની યાત્રાના અલગ અલગ ટૂર ટ્રાવેલ્સના પેકેજ ઓનલાઇન જોતા ફેસબુક પર શીવ હોલીડે એન્ડ એડવેન્ચર નામની ટૂર કંપનીનું પેકેજ અંગેની જાહેરાત જોઈ તેમાં આપેલ નંબર પર સંપર્ક કરતા તેણે જણાવ્યું કે, કુલ ટૂર પેકેજની કિં. રૂ. ૪૦,૮૦૦ થશે અને તેમાં કેદારનાથ, ગંગોત્રી, યમોનીત્રી, બદ્રીનાથ અને અન્ય રસ્તામાં આવતા સાઈડ સીન સાથે હરિદ્વાર ફેરવવામાં આવશે. આ સાથે હોટલમાં રહેવા રૂમો, સવારનો નાસ્તો, બપોર રાત્રીનું જમવાનું, મંદિર સુધી જવા હેલીકોપ્ટરની ટિકિટની સુવિધા મળશે. બુકિંગ માટે રૂપિયાની માંગણી કરતા ચાર વારમાં કુલ રૂ. ૪૦,૮૦૦ સામાવાળાના ખાતામાં ટ્રાન્સફર કર્યા બાદ તેણે ફોન સ્વિચ ઓફ કરતા ઠગાઈની જાણ થઇ હતી. જે અંગે ૧૯૩૦ પર કોલ કરી ફરિયાદ કરાઇ હતી.

### તહેવાર ટાણે કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તે માટે બંદોબસ્ત વચ્ચે પણ ખાસ ડ્રાઇવ

# ડમડમ હાલતમાં, છરી-દારૂ સાથે ૨૪ પકડાયા

## ઠેકઠેકાણે પોલીસે ચેકીંગ હાથ ધર્યુઃ વિદેશી દારૂના અને દેશી દારૂના પણ છ કેસ નોંધવામાં આવ્યા

રાજકોટ તા. ૭

રંગીલુ રાજકોટ શહેર સતત પાંચ દિવસ જન્માષ્ટમી તહેવારની મોજમાં હતું. લોકો શાંતિથી હસીખુશીથી હરીફરી શકે તે માટે પોલીસે ચાંપતનો બંદોબસ્ત જાળવ્યો હતો. મેળાના બંદોબસ્તની વચ્ચે પણ ખાસ ડ્રાઇવ યોજી દારૂડીયાઓ, હથીયાર સાથે નીકળનારા અને દેશી વિદેશી દારૂના ધંધાર્થીઓ પર ખાસ ડ્રાઇવ યોજી ધોંસ બોલાવવાનું ચાલુ રખાયું હતું. વધુ એક ડ્રાઇવ યોજી છરી સાથે છ શખ્સોને, દારૂ પી ડમડમ થઇ વાહન લઇ નીકળી પડેલા સાતને અને દારૂ પી ચાલતાં નીકળેલા બે શખ્સને પકડી લેવાયા હતાં. તેમજ દેશી વિદેશી દારૂના પાંચ કેસ નોંધાયા હતાં. આ રીતે દસમની રાતે કુલ ચોવીસ કેસ નોંધવામાં આવ્યા હતા.

શહેરમાં કાયદો વ્યવસ્થા જળવાઇ રહે અને લોકો શાંતિથી ફરી શકે તે માટે પોલીસ કમિશનર અને જોઇન્ટ પોલીસ કમિશનરની સુચના હેઠળ મેળા બંદોબસ્ત વચ્ચે પણ ખાસ ડ્રાઇવ યોજી નશેડીઓ, છરીઓ સાથે નીકળનારાઓ અને દારૂની હેરફેર કરનારાઓને શોધી કાઢવામાં આવ્યા હતાં. જેની વિગતો પર નજર કરીએ તો દારૂ પી વાહન હંકારનારા સાત વાહન ચાલકોને પકડી લેવાયા હતાં. જેમાં થોરાળા વિસ્તારમાંથી આજી જી.આઈ.ડી.સી. ક્વાર્ટરનો રહેવાસી નાનજી શામજીભાઇ મકવાણા (ઉ.વ. ૫૮) મોટરસાયકલ સાથે, ૮૦ ફુટ રોડનો દિનેશ ભાવસિંગભાઇ પરમાર (ઉ.વ. ૫૭) સીએનજી રિક્ષા સાથે અને ટ્રેક્ટર ચોક વિસ્તારનો અનીલ ઉર્ફે વાવાઝોડુ દિલીપભાઇ મકવાણા (ઉ.વ. ૨૬) એક્સેસ મોટરસાયકલ સાથે પીધેલી હાલતમાં ઝડપાયા હતા. બી-ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળ રોહીદાસપરા શેરી નં. ૭ નો રહેવાસી રાજેશ બાવજીભાઇ ચુડાસમા (ઉ.વ. ૩૯) સીટી સ્ટેશન પાસે જુના મોરબી રોડ પરથી મોટરસાયકલ સાથે અને ગ્રીનલેન્ડ ચોકડી ઝૂંપડામાં રહેતો સતીષ અમરશીભાઇ પરસોંડા (ઉ.વ. ૨૮) મોરબી રોડ જકાતનાકા પાસેથી સ્પ્લેન્ડર સાથે દારૂ પીધેલા પકડાયા હતા.

ઉપરાંત ગાંધીગ્રામ વિસ્તારમાંથી જીવંતીકાનગરનો મનીષ ગોરધનભાઈ મુલીયાણ (ઉ.વ. ૪૯) દારૂ પી સર્પાકારે સ્પ્લેન્ડર ચલાવતા, યુનિવર્સિટી પોલીસ વિસ્તારમાંથી રૈયાગામ પામ યુનિવર્સલ એપાર્ટમેન્ટનો ચોકીદાર પ્રકાશ નેનસીંગ ઠકુલા (ઉ.વ. ૩૬) એક્સેસ સાથે, રૈયા રોડ રાજલક્ષ્મી એપાર્ટમેન્ટનોરહેવાસી શેનસીંગ નરશીભાઇ ચૌહાણ (ઉ.વ. ૫૧) હોન્ડા શાઇનસાથે, આજી ડેમ પોલીસ સ્ટેશન હેઠળના લોઠડા ગામનો કનુ નારણભાઈ મારવાડી (ઉ.વ. ૪૮) એક્ટિવા સાથે, કોઠારીયા રોડનો યુવરાજ બાવકુભાઇ ખાચર (ઉ.વ. ૩૮) સ્પ્લેન્ડર સાથે અને રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન હેઠળના મવડી ગામ તળનો વિરાજ રમેશભાઇ સોરઠીયા (ઉ.વ. ૨૪) વાવડી ગામ પેટ્રોલ પંપ નજીકથી



ગ્રાન્ડ આઈ૧૦ કાર દારૂ પી હંકારતા પકડાઇ ગયો હતો. તેમજ રૈયાધાર ધરમનગર આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતો ધનસીંગ તુલસીંગ ગરસીયા (ઉ.વ. ૩૮) રૈયાધાર મફતીયાપરા દશામાના મંદિર પાસેથી પાસ દારૂ પીધેલી હાલતમાં રખડતો મળી આવ્યો હતો. આ ઉપરાંત રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન હેઠળ મવડી વિસ્તારના સોરઠીયા પાર્કમાં રહેતો રોનક સુરેશભાઇ સોજીત્રા (ઉ.વ. ૨૬) વાવડી ગામ પેટ્રોલ પંપ પાસે જાહેર રસ્તા પર દારૂ પીધલો પકડાયો હતો.

જ્યારે પોતાની સાથે છરી રાખીને નીકળી પડેલા છ શખ્સો પણ પકડાઇ ગયા હતાં. જેમાં થોરાળા પોલીસ સ્ટેશન હેઠળ ચુનારાવાડ શેરી નં. ૪માં રહેતો પ્રદીપ ઉર્ફે પદીયો રણજીતભાઇ ધાધલ (ઉ.વ. ૨૨) મયુરનગર મેઇન રોડ પરથી છરી સાથે, ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન હેઠળ ઘંટેશ્વર ૨૫ વારીયા ક્વાર્ટર નં. ૩૩૭માં રહેતો તેજમલ સુપટાભાઇ રાઠોડ (ઉ.વ. ૩૧) ઉન્નતિ સ્કૂલ સામેથી, યુનિવર્સિટી પોલીસ સ્ટેશન હેઠળ બી.ટી. સવાણી હોસ્પિટલ પાછળ રહેતો હરેન્દ્ર દાનાભાઇ ભીટોલ (ઉ.વ. ૪૨) શાંતિનગર પાસેથી, બી-ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળ ભાવનગર રોડ દશામા ચોક વિસ્તારનો રહીશ નરેન્દ્રસિંહ પ્રતાપસિંહ સોઢા (ઉ.વ. ૩૧) ભગીરથ સોસાયટી શેરી નં. ૧૦ માંથી અને રોહીદાસપરા શેરી નં. ૧માં રહેતો રાજેશ બાવજીભાઇ ચુડાસમા (ઉ.વ. ૪૨) રોહીદાસપરા મેઇન રોડ પરથી ધારદાર છરી સાથે પકડાયા હતાં. આ ઉપરાંત આજી ડેમ પોલીસ સ્ટેશન હેઠળના સરધારમાંથી જસદણના રામળીયા ગામનો વિક્રમ મનસુખભાઇ સોલંકી (ઉ.વ. ૩૨) હરીપર જવાના રસ્તેથી ગેરકાયદેસર છરી સાથે પકડાઈ ગયો હતો. એરપોર્ટ પોલીસ સ્ટેશન હેઠળ બેડલા ગામનો રહેવાસીહરેશ કેશુભાઇ જખાણીયા (ઉ.વ. ૨૧) પણ ખોડીયાર માતાજીના મંદિર સામેથી છરી સાથે મળી આવ્યો હતો.

બીજી તરફ એરપોર્ટ પોલીસ સ્ટેશન હેઠળ રાજકોટ શહેર અને જિલ્લામાંથી એક વર્ષ માટે હદપાર કરવામાં આવેલી માલધારી સોસાયટી શેરી નં. ૪ની જ્યોતીબેન ઇમરાનભાઇ નારેજા ગ્રીનલેન્ડ ચોકડી માલધારી સોસાયટી ખાતે મળી આવતાં ગુનો નોંધી અટકાયત કરવામાં આવી હતી. દેશી વિદેશી દારૂની હેરફેરના કેસ પર નજર કરીએ તો માલવીયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ભગવતીપરા મેઇન રોડ વિનાયક એપાર્ટમેન્ટનો રહીશ કુલદીપ અશોકભાઇ બાબરીયા (ઉ.વ. ૨૮) કાલાવાડ રોડ છાસવાલા દુકાન પાસેથી ઇંગ્લિશ દારૂની ૧૨ બોટલ કિંમત રૂ. ૨૧,૫૮૮સાથે ઝડપાયો હતો.

જ્યારે આંબેડકરનગર શેરી નં. ૬ના મુકેશ ડાંગરના ઘરમાંથી વ્હીસ્કીના ૩૨ ચપલા કિંમત રૂ. ૧૦,૭૫૨ અને બીજા ૩૮ ચપલા કમત રૂ. ૧૦,૦૩૨ મળી કુલ રૂ. ૨૦,૭૮૪ નો ૭૦ નંગ ચપલાનો જથ્થો રેડ દરમિયાન મળી આવ્યો હતો. આરોપી ઘરે હાજર મળ્યો ન હતો. એરપોર્ટ પોલીસ મથક હેઠળ બેડલા ગામના અજીત અશોકભાઇ મકવાણા પાસેથી ઇંગ્લિશ દારૂની ૧ બોટલ મળી આવી હતી. જ્યારે દેશી દારૂના કેસમાં આજી ડેમ પોલીસ મથક હેઠળના સરધાર આઉટ પોસ્ટ નજીક ગઢકા ગામ પાસે બોઘરાવદરની રેખાબેન ગોબરભાઇ બહાદુરભાઇ વાઘેલા દેશી દારૂ ૧૫ લીટર કિંમત રૂ. ૩,૦૦૦ વેચવાના ઇરાદે સાથે રાખી નીકળતાં પકડાઇ હતી. આજી ડેમ ચોકડી પાસેથી કોઠારીયા સોલવન્ટનો પ્રકાશ દેવરાજભાઇ સોલંકી દેશી દારૂ ૫ લીટર કિંમત રૂ. ૧,૦૦૦ સાથે અને ગાંધીગ્રામ પોલીસ સ્ટશન હઠળના ઘંટેશ્વર ૨૫ વારીયા ક્વાર્ટરના વનરાજ ઉર્ફે વિશાલ ભગુભાઇ રાઠોડ તથા પરાપીપળીયા એકતા સોસાયટીના અફઝલ અસ્લમભાઇ અલાણા ઘંટેશ્વર મસ્જીદ પાસેથી દેશી દારૂ ૧૫ લીટર કિંમત રૂ. ૩,૦૦૦ સાથે ઝડપાઈ ગયા હતા. આમ પોલીસની ખાસ ડ્રાઇવમાં ચોવીસ શખ્સો ઝપટે ચડી ગયા હતાં.

### હું મિલ્ટ્રી હોસ્પિટલનો સ્ટોર મેનેજર કૃણાલ બોલુ છું...ફોન કરી જાળ બીછાવી

# મહિલાને ઓનલાઇન ઓર્ડર આપી લાખોનો ડામ

## પ્રોસેસના નામે ઓનલાઇન નાણા મેળવી લઇ ઓર્ડર મુજબનો માલ હોસ્પિટલે પહોંચાડવા કહ્યુંઃ જો કે ત્યાં જતાં સુબેદારે કહ્યુ અમે કોઇ ઓર્ડર આપ્યો નથી અને અમારે અહિ કોઇ કૃણાલ નામનો વ્યક્તિ કામ કરતો નથીઃ સાબયર ક્રાઇમ પોલીસે તપાસ શરૂ કરી

રાજકોટ તા. ૭

સાયબર ગઠીયાઓ ક્યારે કોને શિકાર બનાવી લે તેનો અણસાર આવતો નથી. ગમે ત્યારે ગમે તે લોકો સાથે ફ્રોડ થઇ શકે છે. આ પ્રકારની ઘટનાઓ રોજીંદી છે. સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના ચોપડે એફઆઇઆર તરીકે રજીસ્ટર થતી ઘટનાઓ તો કંઇ જ નથી. ઓનેઓન અરજી સ્વરૂપે અને સાયબર ક્રાઇમ નંબર ઓગણીસ ત્રીસ ઉપર રોજેરોજ આવતી ફ્રોડની ફરિયાદોનો આંકડો સેંકડોની સંખ્યામાં હોય છે. વધુ એક વખત ફ્રોડ થયું છે જેમાં આ વખતે એક મહિલાને છેતરી લેવાયા છે. ગઠીયાઓએ મિલ્ટ્રી હોસ્પિટલના નામે ખોટો ઓર્ડર આપી લાખોની ઠગાઈ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો આ ઠગાઇ વડોદરામાં થઇ હતી. વડોદરામાં મેડિકલ ઈક્વિપમેન્ટનો વેપાર કરતી મહિલા સાથે મિલિટ્રી હોસ્પિટલના નામે ખોટો પરચેઝ ઓર્ડર આપી સાયબર ઠગાઈ કરવામાં આવી હોવાનો મામલો સામે આવ્યો હતો. અજાણ્યા શખ્સોએ પોતે અમદાવાદની મિલિટ્રી હોસ્પિટલના સ્ટોર મેનેજર અને એકાઉન્ટન્ટ હોવાનું જણાવી વૉમિંગ યુનિટ તથા તેની ટ્રોલીના ઓર્ડરના બહાને વેપારી મહિલાનો વિશ્વાસ કેળવ્યો હતો. ત્યારબાદ પેમેન્ટ મેળવવા માટે વેન્ડર રજિસ્ટ્રેશનની -ક્રિયાના નામે કંપનીના બેંક ખાતામાંથી કુલ રૂ. ૩,૧૩,૦૦૯ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. સમગ્ર મામલે વડોદરા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતાં ગુનો રજીસ્ટર લઇ તપાસ શરૂ કરવામાં આવી હતી.

વિશેષ માહિતી અનુસાર ગોરવામાં રહેતાં ચાલીસ વર્ષીય મહિલા પોતાની કંપની મારફતે મેડિકલ ઈક્વિપમેન્ટ ટ્રેડિંગનો વ્યવસાય કરે છે. તેમને કંપનીના મોબાઈલ નંબર પર અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનાર વ્યક્તિએ પોતાનું નામ કૃણાલ ચૌધરી અને પોતે અમદાવાદની મિલિટ્રી હોસ્પિટલનો સ્ટોર મેનેજર હોવાનું જણાવ્યું હતું. હોસ્પિટલમાં દર્દીઓ માટે વૉમિંગ યુનિટ તથા તેની ટ્રોલીની જરૂરિયાત હોવાનું જણાવી તેણે કંપની પાસેથી વોટ્સએપ મારફતે કોટેશન મંગાવ્યું હતું. ત્યારબાદ આરોપીઓએ કંપનીના વોટ્સએપ નંબર પર વૉમિંગ યુનિટ અને ટ્રોલી અંગેનો પરચેઝ ઓર્ડર મોકલ્યો હતો.



ઓર્ડર મુજબ ત્રણ વૉમિંગ યુનિટ અને ૩ ટ્રોલી સાતથી દસ દિવસમાં અમદાવાદ સ્થિત મિલિટ્રી હોસ્પિટલ ખાતે ડિલિવર કરવાની હતી. માલની ડિલિવરી માટે મહિલાએ મેડિકલ ઈક્વિપમેન્ટના વેપારી શૈલેષ પરમાર સાથે વાત કરી હતી અને તેમને અમદાવાદ ખાતે ડિલિવરી કરવા માટે મોકલ્યા હતા. આ વચ્ચે કૃણાલ ચૌધરીએ મહિલાને ફોન કરીને પેમેન્ટ પ્રોસેસ માટે વેન્ડર રજિસ્ટ્રેશન કરાવવું પડશે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ અન્ય એક વ્યક્તિએ પોતે હોસ્પિટલનો એકાઉન્ટન્ટ હોવાનું જણાવી મહિલાને ફોન કર્યો હતો. તેણે વેન્ડર રજિસ્ટ્રેશનના નામે બેંક ખાતામાં લોગિન કરાવી ટ્રાન્ઝેક્શન કરવાની પ્રક્રિયા સમજાવી હતી. શરૂઆતમાં મહિલાને રૂપિયા ૫ ટ્રાન્સફર કરાવ્યા બાદ સામેથી ૧૦ પરત કરવામાં આવ્યા હતા.

આ પછી ગઠીયાઓએ વધુ ૩,૧૩,૦૦૪ રૂપિયા કેનેરા બેંકના એક ખાતામાં આરટીજીએસ મારફતે ટ્રાન્સફર કરવાનું જણાવ્યું હતું. મહિલાએ આરોપીઓના કહેવા મુજબ કંપનીના બેંક ખાતામાંથી આ રકમ ટ્રાન્સફર કરી દીધી હતી. બીજી તરફ, કંપની દ્વારા તૈયાર કરાયેલ મેડિકલ ઈક્વિપમેન્ટ લઈને શૈલેષ પરમાર અમદાવાદની મિલિટ્રી હોસ્પિટલ ખાતે ડિલિવરી કરવા પહોંચ્યા હતા. હોસ્પિટલના ગેટ પાસે પહોંચ્યા બાદ તેમણે કૃણાલ ચૌધરીને ફોન કરતાં તેણે ડિલિવરી માટે અંદર ન આવવા અને તેઓ મીટિંગમાં વ્યસ્ત હોવાનું જણાવ્યું હતું.

આ પછી શૈલેષ પરમાર અગાઉ પણ આ હોસ્પિટલમાં મેડિકલ ઈક્વિપમેન્ટ સપ્લાય કરી ચૂક્યા હોવાથી તેમણે હોસ્પિટલના સુબેદાર પરિડા સાથે સંપર્ક કર્યો હતો. સુબેદાર પરિડા સાથે મુલાકાત દરમિયાન શૈલેષ પરમારે હોસ્પિટલ માટે મંગાવવામાં આવેલું મેડિકલ ઈક્વિપમેન્ટ અને ઈન્વોઇસ બતાવ્યું હતું. જોકે, હોસ્પિટલ તરફથી કોઈપણ પ્રકારનું આવું મટીરીયલ ઓર્ડર કરવામાં આવ્યું ન હોવાનું જણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ શૈલેષ પરમારે વોટ્સએપ પર મળેલો પરચેઝ ઓર્ડર બતાવતા હોસ્પિટલના કર્મચારીઓએ જણાવ્યું હતું કે હોસ્પિટલમાં કૃણાલ ચૌધરી નામનો કોઈ વ્યક્તિ કામ કરતો નથી.

આ સાથે જ સમગ્ર ઓર્ડર ફેક હોવાનું બહાર આવ્યું હતું. આ સમગ્ર હકીકતની જાણ મહિલાને થતાં પોતાની કંપની સાથે સાયબર ફ્રોડ થયું હોવાનું માલુમ પડ્યું હતું. મહિલાએ તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ કરી હતી. ત્યારબાદ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી હતી. આ રીતે ઠગાઇના રોજીંદા બનાવો સાયબર ક્રાઇમ પોલીસ સુધી પહોંચી રહ્યા હોય છે. રોજબરોજ કોઇને કોઇ તુક્કો અજમાવીને ગઠીયાઓ ખેલ પાડી દેતાં હોય છે. આ વખતે ગઠીયાઓએ મિલ્ટ્રી હોસ્પિટલના સ્ટોર મેનેજરનો સ્વાંગ રચી ઠગાઇ કરી લીધી હતી.

## TP શાખા 'અડચણરૂપ'? ૬ માસમાં ૨૪% થી વધુ પ્લાન રિજેક્ટ

# પ્લાન પાસ કરાવવા નાકે દમ

### ૧,૩૦૦થી વધુ વિકાસ પ્લાન ફગાવી દેવાયા, હજારો અરજદારો પરેશાન : ૫,૩૩૬ માંથી ૧,૨૯૮ અરજીઓ ના-મંજૂર કરી તંત્રએ સંતોષ માન્યો



રાજકોટ, તા. ૭

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના ઝડપી અને આયોજનબદ્ધ વિકાસ માટે ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા હાથ ધરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓ અને મંજૂરીઓની કામગીરીનો છેલ્લા છ મહિનાનો વિસ્તૃત અહેવાલ જાહેર કરવામાં આવ્યો છે. પશ્ચિમ, સેન્ટ્રલ અને પૂર્વ ઝોન ઉપરાંત ટીડીઓ શાખા દ્વારા વિકાસ પરવાનગી, ભોગવટા પરવાનગી , ગુડા-૨૦૨૨, પ્લોટ વેલિડેશન અને ટીપી સ્કીમોના અમલીકરણ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે.

છેલ્લા છ મહિનામાં મનપાને વિકાસ પરવાનગી (પ્લાન મંજૂરી) માટે કુલ ૫,૩૩૬ અરજીઓ મળી હતી. જેમાંથી તંત્ર દ્વારા ત્વરિત કાર્યવાહી કરીને ૩,૮૩૨ અરજીઓ મંજૂર કરવામાં આવી છે, જ્યારે ૧,૨૯૮ અરજીઓ ના-મંજૂર કરવામાં આવી છે. એ જ રીતે, મકાન કે વ્યાવસાયિક સંકુલ બની ગયા બાદ અપાતી ભોગવટા પરવાનગી માટે કુલ ૨,૩૩૬ અરજીઓ ઈનવર્ડ થઈ હતી. જે પૈકી ૨,૨૯૨ અરજીઓને આખરી મંજૂરી આપવામાં આવી છે અને નિયમોનુસાર ન હોય તેવી માત્ર ૪૧ અરજીઓ અમાન્ય રાખવામાં આવી છે.

ઈમ્પેક્ટ ફી / ગુડા-૨૦૨૨ અંતર્ગત અનધિકૃત બાંધકામો નિયમિત કરવા માટે શહેરમાંથી કુલ ૮૩૭ અરજીઓ પ્રાપ્ત થઈ હતી, જેમાંથી ૨૫૦ અરજીઓ મંજૂર કરી બાકીની પ્રક્રિયા હેઠળ રાખવામાં આવી છે. આ ઉપરાંત, પ્લોટ વેલિડેશન માટે ત્રણેય ઝોન અને ટી.પી. યુનિટ મળીને કુલ ૧,૫૩૩ અરજીઓ ઈનવર્ડ કરવામાં આવી છે. શહેરમાં ટી.પી. સ્કીમના સુચારુ અમલીકરણ માટે ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા કલમ-૪૮(કે) અને કલમ-૬૮(૩૩) હેઠળ પશ્ચિમ, સેન્ટ્રલ અને પૂર્વ ઝોનમાં મળીને કુલ ૬૫ ટી.પી. સ્કીમ પર કામગીરી હાથ ધરાઈ હતી. નિયમભંગ અને અડચણરૂપ બાંધકામો સામે કાર્યવાહી કરતા તંત્ર દ્વારા કુલ ૩૪૭ નોટિસો ફટકારવામાં આવી છે, જ્યારે જગ્યાઓ ખુલ્લી કરાવવા માટે ૫૮ સ્થળો પર કબ્જા રોજકામ (પ્રત્યક્ષ કબ્જો) ની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

સરકારની એસ.ઓ.પી.અનુસાર કરવામાં આવતા બિલ્ડીંગ સર્વેમાં ૧,૧૮૧ એસેમ્બલી પ્રકારની બિલ્ડીંગોમાંથી ૭૮૦ બિલ્ડીંગોનો સર્વે પૂર્ણ કરી લેવાયો છે અને ૨૪૯ બિલ્ડીંગોમાં સેલ્ફ ડિકલેરેશન રજૂ થયા છે. પર્યાવરણની જાળવણી માટે સરકારના પોર્ટલ પર ૫,૦૯૧ બોર રિચાર્જની એન્ટ્રીઓ દાખલ કરવામાં આવી છે. જ્યારે 'એક-ફોર્મ' ની નકલ માટે આવેલી ૫૧૦ અરજીઓમાંથી ૪૭૧ અરજીઓનો સંતોષકારક નિકાલ કરવામાં આવ્યો છે અને માત્ર ૩૯ અરજીઓ પેન્ડિંગ છે.

## વોર્ડ વાઈઝ વિકાસ અને BU પરવાનગીનો આંકડાકીય ચિતાર

**વિકાસ પરવાનગી :**

- ઈનવર્ડ અરજીઓ: કુલ ૫,૩૩૬ (પશ્ચિમ: ૧૮૩૦, સેન્ટ્રલ: ૧૨૫૨, પૂર્વ: ૨૧૬૭, TDO: ૮૭)
- મંજૂર અરજીઓ: કુલ ૩,૮૩૨ (પશ્ચિમ: ૧૨૬૭, સેન્ટ્રલ: ૮૩૫, પૂર્વ: ૧૬૯૨, TDO: ૩૮)
- ના-મંજૂર અરજીઓ: કુલ ૧,૨૯૮ (પશ્ચિમ: ૫૧૩, સેન્ટ્રલ: ૩૧૧, પૂર્વ: ૪૭૪, TDO: ૦)

**ભોગવટા પરવાનગી :**

- ઈનવર્ડ અરજીઓ: કુલ ૨,૩૩૬ (પશ્ચિમ: ૮૦૪, સેન્ટ્રલ: ૪૨૬, પૂર્વ: ૧૦૬૪, TDO: ૪૨)
- મંજૂર અરજીઓ: કુલ ૨,૨૯૨ (પશ્ચિમ: ૭૬૩, સેન્ટ્રલ: ૪૨૧, પૂર્વ: ૧૦૬૩, TDO: ૪૫)
- ના-મંજૂર અરજીઓ: કુલ ૪૧ (પશ્ચિમ: ૩૩, સેન્ટ્રલ: ૭, પૂર્વ: ૧, TDO: ૦)

## ટી.પી. સ્કીમ, નોટિસ અને ગ્રાઉન્ડ એક્શન

- ટી.પી. સ્કીમ કામગીરી: કુલ ૬૫ ટી.પી. સ્કીમ હેઠળ કલમ-૪૮(કે) અને કલમ-૬૮(૩૩) ની અમલવારી.
- ઈશ્યુ કરાયેલી નોટિસો: કુલ ૩૪૭ નોટિસ (પશ્ચિમ: ૧૫૫, સેન્ટ્રલ: ૭, પૂર્વ: ૧૮૫).
- કબ્જા રોજકામ : કુલ ૫૮ સ્થળે કાર્યવાહી (પશ્ચિમ: ૩૨, પૂર્વ: ૨૬).
- બોર રિચાર્જ નોંધણી: સેન્ટ્રલ અને પશ્ચિમ ઝોન સહિત શહેરમાં કુલ ૫,૦૯૧ બોર રિચાર્જની પોર્ટલ પર સફળ નોંધણી.
- એક-ફોર્મ નકલ કામગીરી: ૫૧૦ અરજીઓમાંથી ૪૭૧ નો નિકાલ, માત્ર ૩૯ અરજીઓ પેન્ડિંગ.

# તહેવારો ટાણે જ ગરીબોની થાળી પર ત્રાટકી મોંઘવારી

### રાશનમાં ચોખાના જથ્થામાં ૬૬ ટકાનો સીધો કાપ સસ્તા અનાજની દુકાનો પર ઘર્ષણની ભીતિ



રાજકોટ, તા.૭

રાજ્યના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવાર માટે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ તરફથી માઠા સમાચાર સામે આવ્યા છે. તહેવારોની મોસમ નજીક આવી રહી છે ત્યારે જ સરકારે સપ્ટેમ્બર મહિનાના રાશન વિતરણમાં ચોખાના જથ્થામાં મોટો ઘટાડો કરવાનો આંચકાજનક નિર્ણય લીધો છે. આ નિર્ણયથી મોંઘવારીમાં પીસાતા લાખો રાશનકાર્ડ ધારકોના બજેટ પર સીધો પ્રહાર થયો છે.

ામાન્ય રીતે રાજ્ય સરકાર દ્વારા પ્રતિ લાભાર્થી દર મહિને ૩ કિલો ચોખા ફાળવવામાં આવતા હોય છે. પરંતુ સપ્ટેમ્બર મહિનાથી પુરવઠા વિભાગે પ્રતિ વ્યક્તિ દીઠ ૨ કિલોનો સીધો કાપ મૂકી દીધો છે. હવે ગ્રાહકોને માત્ર ૧ કિલો ચોખાથી જ સંતોષ માનવો પડશે. અચાનક લેવાયેલા આ નિર્ણયથી દૈનિક ભોજનમાં ચોખા પર નિર્ભર રહેતા ગરીબ પરિવારોમાં ભારે અસંતોષ અને રોષનો માહોલ છે.

જથ્થામાં થયેલા આ ધરખમ ઘટાડાને કારણે વાજબી ભાવની દુકાનો (ઋઙજ) પર ગ્રાહકો અને કાર્ડધારકો વચ્ચે બોલાચાલી અને ઘર્ષણની સ્થિતિ સર્જાવાની શક્યતા વધી ગઈ છે. આ અંગે સ્થિતિ સ્પષ્ટ કરતા ગુજરાત ફેરપ્રાઈઝ એસોસિએશનના પ્રમુખ પ્રહલાદ મોદીએ જણાવ્યું છે કે, આ નિર્ણય સંપૂર્ણપણે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગનો છે. આમાં સસ્તા અનાજના દુકાનદારો કે સંચાલકોનો કોઈ વાંક કે ભૂમિકા નથી. તમામ ગ્રાહકોએ વાસ્તવિકતા સમજીને દુકાનદારો સાથે સંયમ અને શાંતિ જાળવવી. સામાન્ય જનતાનું કહેવું છે કે એક તરફ મોંઘવારી ચરમસીમાએ છે અને બીજી તરફ તહેવારો નજીક આવી રહ્યા છે, ત્યારે જ સરકારી અનાજના વિતરણમાં કાપ મૂકવો વ્યાજબી નથી. ખુલ્લા બજારમાં ચોખાના ભાવ ઊંચા હોવાથી રાશનમાં ઘટાડો થતાં સામાન્ય પરિવારો માટે ઘરનું ગુજરાન ચલાવવું વધુ મુશ્કેલ બનશે.

ખુલ્લા બજારમાં અનાજના ભાવ આસમાને પહોંચ્યા છે ત્યારે રાશનમાં મળતો જથ્થો ઘટતાં સામાન્ય પરિવારો માટે ''દૂધે ધોઈને પીવા'' જેવી સ્થિતિ નિર્માણ થઈ છે. તહેવારોના સમયે જ સરકારી રાહત પર કાપ મૂકાતાં સ્થાનિક રહીશોમાં આક્રોશ ફાટી નીકળ્યો છે અને સોશિયલ મીડિયાથી લઈને શેરીઓ સુધી એક જ ચર્ચા છે. શું આમ જ બનશે આત્મનિર્ભર? જથ્થો ઘટતાં જ વાજબી ભાવની દુકાનો પર ગ્રાહકો અને સંચાલકો વચ્ચે તુ-તુ મૈં-મૈં અને ઘર્ષણ થવાના પૂરેપૂરા એંધાણ છે. ગ્રાહકોનો રોષ દુકાનદારો પર નીકળે તેવી ભીતિ વચ્ચે ગુજરાત ફેરપ્રાઈઝ એસોસિએશનના પ્રમુખ પ્રહલાદ મોદીએ સ્પષ્ટતા કરવી પડી છે.

### રાજકોટમાં ચાલતા PG કલ્ચર પર તંત્ર શું પગલાં લેશે ? સો મણનો સવાલ

# તંત્રની આળસમાં 'હોમાતા' નિર્દોષ જીવ!

### સ્ટ્રક્ચર્સ સ્ટેબિલિટી તથા ઓડિટ થાય છે કે કેમ ? માત્ર તપાસ કરવી પર્યાપ્ત નથી જાણકાર વર્તુળોમાં ચર્ચા



રાજકોટ, તા. ૭

આપણી સિસ્ટમ માટે હવે માનવજિંદગી કાગળના ટુકડા કે આંકડાથી વિશેષ કશું રહી નથી. ''પાણી પહેલાં પાળ બાંધવી'' એ કહેવત હવે સરકારી ચોપડેથી ગાયબ થઈ ચૂકી છે અને તેની જગ્યાએ ''લાશ પડે પછી જ કાગળ દોડાવવા'' એવો નવો વહીવટી નિયમ અમલમાં આવી ગયો લાગે છે. દિલ્હીના સત્ય નિકેતનમાં PG ધરાશાયી થવું, મોરબીનો પુલ તૂટવો, સુરતના ટ્યુશન ક્લાસમાં નિર્દોષ બાળકોનું હોમાઈ જવું કે રાજકોટના ઝછઙ ગેમઝોનનો ભયાનક અગ્નિહત્યાકાંડ આ બધી ઘટનાઓ ''દુર્ઘટના'' નથી, પણ તંત્રની ગુનાહિત આળસ અને ભ્રષ્ટાચારનું પરિણામ છે. દરેક ઘટના પછી એક જ 'સ્ક્રીપ્ટ' ભજવાય છેઃ સીલ મારવાની ડ્રામાબાજી, તપાસ કમિટીઓની જાહેરાત, બે-ચાર અધિકારીઓની બદલી અને થોડા દિવસ મીડિયા સમક્ષ કડક કાર્યવાહીનો ડોળ. પરંતુ જેવા ન્યૂઝ ચક્ર બદલાય અને સોશિયલ મીડિયા પર લોકો વિસરી જાય, એટલે બધું 'બેક ટુ નોર્મલ'!

રાજકોટ વિદ્યાધામ છે. અહીં હજારો વિદ્યાર્થીઓ અને યુવાનો PG (પેઈંગ ગેસ્ટ)માં રહે છે. મોટાભાગના PG સાંકડી શેરીઓમાં, કમર્શિયલ ફાયર સેફ્ટી વગર, એક જ એન્ટ્રી-એક્ઝિટ વાળી મિલકતોમાં અને બિનઅધિકૃત રીતે ચાલી રહ્યા છે. તંત્ર જાગે તેની રાહ જોવા બેસીશું તો વધુ એક અકસ્માતનો ભોગ બનવું પડશે. આ સ્થિતિ બદલવા નાગરિક તરીકે આક્રમક પગલાં લેવા જરૂરી છે. PG માં પ્રવેશ લેતા પહેલાં ઈમરજન્સી એક્ઝિટ છે કે નહીં, ફાયર સિલિન્ડર ચાલુ હાલતમાં છે કે નહીં અને વાયરિંગ સુરક્ષિત છે કે નહીં તે જાતે તપાસો. બિલ્ડિંગ બહુ જૂનું કે જર્જરીત હોય અથવા ગેરકાયદેસર વધારાનું બાંધકામ કરેલું હોય તો ત્યાં રહેવાનું ટાળો.

રાજકોટમાં PG સંસ્કૃતિ ખૂબ જ ઝડપથી વિસ્તરી રહી છે, પરંતુ બાંધકામ અને સુરક્ષાની દ્રષ્ટિએ મોટાભાગના PG અત્યંત જોખમી અને નબળી સ્થિતિમાં હોય તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. દિલ્હીના સત્ય નિકેતનની ઘટના બાદ રાજકોટ મહાનગરપાલિકા અને સ્થાનિક તંત્ર સામે પણ મોટા પ્રશ્નાર્થ ઊભા થાય છે. તંત્ર સામાન્ય રીતે મોટી હોનારત થાય ત્યારે ૨-૪ દિવસ કડકાઈ બતાવે છે અને પછી બધું ઠંડું પડી જાય છે. પરંતુ દિલ્હીની આ ઘટના રાજકોટ માટે એક ચેતવણી છે. જો RMC સમયસર જાગીને શહેરના PGનું કડક ચેકિંગ નહીં કરે, તો નિર્દોષ વિદ્યાર્થીઓના જીવ ફરી જોખમમાં મુકાશે.

## PG બાંધકામની દ્રષ્ટિએ કેટલા મજબૂત અને સુરક્ષિત છે?

**વાસ્તવિકતા એ છે કે રાજકોટમાં ચાલતા ૮૦% થી વધુ PG કોઈ સ્પેશિયલ રેસિડેન્શિયલ પ્લાન કે સ્ટ્રક્ચરલ ઓડિટ વગર ચાલે છે.**

- ગેરકાયદેસર વધારાનું બાંધકામઃ મોટાભાગના PG જૂના રેસિડેન્શિયલ મકાનો કે કોમર્શિયલ બિલ્ડિંગમાં ચાલે છે. વધારે વિદ્યાર્થીઓ સમાવવા માટે ક્ષમતા કરતાં વધુ માળનું બાંધકામ, લોખંડના પતરાના શેડ કે ફાઈબર શીટના વરંડા બનાવવામાં આવે છે.
- સાંકડી જગ્યાઓ અને ઓવરલોડિંગઃ ૫ થી ૧૦ લોકો માટે બનેલા ઘર કે ફ્લેટમાં ૨૦ થી ૩૦ વિદ્યાર્થીઓને રાખવામાં આવે છે. એક જ રૂમમાં પાંચ-પાંચ બેડ મૂકી દેવાથી ઈમરજન્સી વખતે ભાગવાનો રસ્તો પણ બચતો નથી.
- ઈલેક્ટ્રિકલ સેફ્ટી અને ફાયર રિસ્કઃ ઉનાળામાં દરેક રૂમમાં એસી, ગીઝર અને ઈન્ડક્શન વાપરવાના કારણે જૂના વાયરિંગ પર ભારે લોડ પડે છે, જે શોર્ટ સર્કિટ અને આગનું મુખ્ય કારણ બને છે.
- ઈમરજન્સી એક્ઝિટનો અભાવઃ ૯૯% PGમાં બહાર નીકળવાનો માત્ર એક જ સાંકડો રસ્તો કે સીડી હોય છે. જો પ્રવેશદ્વાર પાસે કે ગ્રાઉન્ડ ફ્લોર પર આગ લાગે, તો ઉપરના માળે રહેતા લોકો માટે કોઈ બચાવ રસ્તો હોતો નથી.

## RMC શું પગલાં લઈ શકે?

**જો વહીવટી તંત્ર ખરેખર કડક બને તો નીચે મુજબના પગલાંથી અકસ્માતો રોકી શકાય છે.**

- કડક PG રજીસ્ટ્રેશન પોલિસીઃ કોઈપણ મકાન કે બિલ્ડિંગને PG તરીકે ચલાવવા માટે RMC અને પોલીસ પાસે 'PG લાયસન્સ/પરમિશન' લેવું ફરજિયાત બનાવવું જોઈએ.
- સ્ટ્રક્ચરલ સેફ્ટી અને ફાયર ઓડિટ : એન્જિનિયરો દ્વારા બિલ્ડિંગની મજબૂતીની તપાસ. દરેક PG માં યોગ્ય ક્ષમતાના ફાયર સિલિન્ડર, સ્મોક ડિટેક્ટર અને ઈમરજન્સી એક્ઝિટ સીડી ફરજિયાત કરવી.

## દિલ્હીની ઘટના અને TRP કાંડના અનુભવ બાદ RMC શું કરી શકે ?

**રાજકોટ ભૂતકાળમાં TRP ગેમ ઝોનની ઘટના ભોગવી ચૂક્યું છે, તેથી RMC એ હવે માત્ર નોટિસો આપવાને બદલે નીચે મુજબની ગ્રાઉન્ડ લેવલની કામગીરી કરવી જોઈએ**

- સર્વે અને સઘન ચેકિંગ ઝુંબેશઃ વિદ્યાનગર રોડ, કાલાવડ રોડ, ૧૫૦ ફીટ રિંગ રોડ, મવડી, રામનાથ પરા અને કણકોટ રોડ જેવા એજ્યુકેશનલ હબમાં ચાલતા PG નો સર્વે કરવો.
- અધૂરી સલામતી વાળા PG ને સીલ કરવાઃ જે ડ્ઞ્ઢ માં ફાયર એન.ઓ.સી. કે સ્ટ્રક્ચરલ સેફ્ટી ન હોય તેમને તાત્કાલિક નોટિસ આપીને કામચલાઉ ધોરણે સીલ મારી દેવા જોઈએ.
- હેલ્પલાઈન નંબર અને પોર્ટલઃ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે છખઈ એ એક સ્પેશિયલ પોર્ટલ કે હેલ્પલાઈન શરૂ કરવી જોઈએ, જ્યાં તેઓ સુરક્ષાના નિયમો ભંગ કરતા PG અંગે અનામી રીતે ફરિયાદ કરી શકે.
- માલિકો અને ઓપરેટરો સામે FIR: જે PG ગેરકાયદેસર રીતે અથવા ઝરઝરીત બિલ્ડિંગમાં ચાલે છે, તેમના માલિકો સામે ક્રિમિનલ કેસ દાખલ કરવો જોઈએ.